Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૩૬ • તા. ૦૫ સપ્ટેમ્બર ૨૦૧૬ થી ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## અનંતનાથ જિનાલય - મસ્જિદબંદરના પોથીના વરઘોડા (રથયાત્રા)ની ઝલક










## આદેશ્વર જિનાલય - ભાંડુપના પોથીના વરઘોડા (રથયાત્રા)ની ઝલક





## શાંતિનાથ જિનાલય - પારોલાના પોથીના વરઘોડા (રથયાત્રા)ની ઝલક





શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

# Shree K.D.O. Students Association

Estd. 1954

63 Shree KDO Students Association

Organised A POWER PACKED SEMINAR

## Bridging The Gap

| | |
|---|---|
| **Mukhya Datashri Parivar** | Shri Hans Bhavanji Arjan Khimji (Tera-Matunga) |
| **Sahyogi Datashri Parivar** | Matushri Jayaben Motilal Lodaya (Moti Khavdi-Ghatkopar)<br>Shri Champshi Manekji Shah (Lokhandwala) (Sandhav-Ghatkopar)<br>Matushri Mahalaxmi Laxmichand Samji Lodaya (Naliya-Mulund)<br>M/s. Vikhroli Automobiles Haste : Shri Pankaj Khimji Khona (Jakhau-Mulund) |

















**શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘના સર્વે પદાધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિ, સર્વે કાર્યકરો, અને સર્વે સભ્યો વતીથી**

**શ્રી તેજસ મહેન્દ્ર ખોના (પ્રમુખ)** સર્વે જ્ઞાતિજનોને સંવત્સરી મિચ્છામી દુક્કડમ્ ! **શ્રી હેમિલ જયેશ દંડ (માનદ્‌મંત્રી)**

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઈના ૬૩માં સ્થાપના દિવસની ઉજવણી નિમિતે "BRIDGING THE GAP" - MOTIVATIONAL PROGRAMME નું આયોજન.

● જ્ઞાતિની એકમાત્ર પ્રવૃત વિદ્યાર્થી સંસ્થા શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થીસંઘ - મુંબઈના ૬૩માં સ્થાપના દિવસની ઉજવણી નિમિતે તા. ૧૪-૮-૨૦૧૬ના બપોરે વાગ્યા સુધી શેઠ શ્રી નરશી નાથા બેન્કવેટ હૉલ - ભાંડુપ ખાતે માતા-પિતા અને સંતાનો વચ્ચેના મતભેદને સમજી તેમની વચ્ચેના અંતરને દુર કરવા માટે "BRIDGING THE GAP" મોટીવેશનલ પ્રોગામનું આયોજન કરેલ. તેના સુત્રધાર આપણા પોતાના જ પ્રખ્યાત મોટીવેટર ડૉ. શ્રી પ્રતીક પ્રતાપ ધરમશી હતા.

● જૈન માઈનોરિટીથી થતા ફાયદાઓની માહિતી આપતું. POWER POINT PRESENTATION અને તાજેતરમાં થયેલ અનેક પ્રવૃતિઓનાં વિડિયો બતાવવામાં આવ્યા.

● ડૉ. શ્રી પ્રતીક ધરમશીએ વિદ્યાર્થીઓને પોતાના જીવનનું લક્ષ્ય કઈ રીતે હાંસલ કરવું, બાળકે માતા-પિતા સાથે કઈ રીતે વર્તવું આવા અનેક મુદ્દાઓ ઉદાહરણો દ્વારા સમજાવ્યા હતા.

● કાર્યક્રમના સફળ આયોજન માટે દાતાશ્રીઓ, શ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી (તેરા-માટુંગા), શ્રી ચાંપશી માણેકજી શાહ (લોખંડવાલા) - (સાંધવ-ઘાટકોપર), માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર (મોટી ખાવડી-ઘાટકોપર), માતુશ્રી મહાલક્ષ્મીબેન લક્ષ્મીચંદ શામજી લોડાયા (નલીયા-મુલુંડ), એમ.એસ. વિક્રોલી ઓટોમાબાઈલ - હસ્તે શ્રી પંકજ ખીમજી ખોના (જખૌ - મુલુંડ) આદિનો સહયોગ પ્રાપ્ત થયો. તેમનું સન્માન કરવામાં આવેલ.

શ્રી વિદ્યાર્થી સંઘના પ્રમુખ શ્રી તેજસ મહેન્દ્ર ખોનાએ કાર્યક્રમની સફળતા માટે ટીમને પ્રોત્સાહિત કર્યું. ૬૩માં સ્થાપના દિવસની ઉજવણી કેક-કટીંગ દ્વારા કરવામાં આવેલ.

● વિદ્યાર્થી સંઘના સેક્રેટરીશ્રી હેમિલ જયેશ દંડે પધારેલ દાતાશ્રીઓ, મહેમાનો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી સંઘની ટીમનો આભાર વ્યક્ત કરેલ. સહભાગી થયેલ સર્વ વિદ્યાર્થીઓને વિદ્યાની દેવી શ્રી સરસ્વતી માતાની પ્રતિમા સંભારણા રૂપે આપી.


## ઉદારદીલ દાતાઓને નમ્ર અપીલ

અપીલ સંસ્કૃતિમાં જીવદયા અને અબોલ જીવોને અભયદાનનું અનેરૂં મહત્ત્વ છે. વૃધ્ધ, અશક્ત, નિરાધાર, બિમાર, રૂખડતા ઢોરો માટે પાંજરાપોળ આર્શીવાદ રૂપ આશ્રય સ્થાન છે.

શ્રી જખૌ પાંજરા પોળ વર્ષોથી અબોલ પશુઓની જાળવણી તથા નિભાવમાં પ્રવૃત્ત છે. યોગ્ય ધાસચારો, ખાદ્યા ખોરાકી, ઉપરાંત નિયમિત દાકતરી સારવાર, ઉપચાર, દવા થકી પશુઓ સ્વસ્થ, તંદુરસ્થ જીવન જીવી રહ્યા છે. હાલ ૧૫૦ જેટલા જીવોનો નિભાવ થઈ રહ્યો છે.

આપ સૌ ઉદારદીલ દાતાઓના દાન અને સહાયતા સહકાર થી ૩૫ લાખના વાર્ષિક ખર્ચને પહોંચી શકાય છે. પવિત્ર પર્વોમાં ધર્મ આરાધના સાથે જીવદયાના ઉત્તમ કર્તવ્યમાં ઉદાર ફાળો આપી. મૂક પશુઓના આર્શીવાદ પ્રાપ્ત કરવા હાર્દિક વિનંતી છે. દાન ૮૦જી/- હેઠળ ઈન્કમટેક્ષ રાહત પાત્ર છે.

લી. **શ્રી જખૌ પાંજરાપોળના ટ્રસ્ટીઓ**

**મહેન્દ્ર દેવજી ખોના,** મુંબઈ - મેનેજીંગ ટ્રસ્ટી - મો. 09323917075

**બેંકીંગ વ્યવસ્થા :** ૧. **મુંબઈ : શ્રી અરીહંત કો. બેંક લી.,** ચીંચ બંદર બ્રાંચ
SB Ac No. 004001000558 • IFC Code : ICIC00ARIHT
૨. **કચ્છ જખૌ : દેના બેંક,** નલીયા, કચ્છ
SB Ac No. 107110001096 • IFC Code : BKDN 0331071

સર્વે દાતાઓ
તથા હિતેચ્છુઓને
**મિચ્છામિ**
**દુક્કડમ્**
કરુણા ભાવનું પવિત્ર ઝરણું
સૌના હૈયામાં વહ્યા કરે.
જીવદયાના પવિત્ર ભાવ
સદાય જીવનમાં રહ્યા કરે.

**ટ્રસ્ટી સંપર્ક :**

| | | | | |
|---|---|---|---|---|
| જખૌ : | (૧) **અશોક મૈશેરી** | **- 09978865583** | (૨) **અમીતા મોમાયા** | **- 09819181790** |
| | (૩) **નવીન સોની** | **- 09328231961** | (૪) **રમેશ મૈશેરી** | |
| મુંબઈ : | (૧) **કિશોર કાયાણી** | **- 09869143799** | (૨) **ભરત મૈશેરી** | **- 09820058048** |
| | (૩) **મહેન્દ્ર ખોના** | **- 09323917075 / 09322917075** | | |

**આદ્યતંત્રીઓ**

''**પ્રકાશ**''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''**સમીક્ષા**''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''**પ્રકાશ સમીક્ષા**''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 36/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# મૈત્રી આદિ ચાર ભાવનાનું આજના વૈજ્ઞાનિક યુગમાં મહત્ત્વ

**પૂજ્ય આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજી મ.સા.**

અધ્યાત્મ એ મનનો વિષય છે અને મનમાં જ પાદુર્ભાવ પામે છે. આત્મિક શાંતિનો સ્રોત પણ આપણું મન જ છે. એ મનને કેળવવાનું છે અને એ કેળવવાનું કામ જૈન દર્શનની બાર ભાવના અને તેની પૂર્વભૂમિકા રૂપ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ રૂપ ચાર ભાવના દ્વારા કરવામાં આવે છે અથવા કરી શકાય છે.

**મૈત્રી ભાવના :**

મૈત્રી શબ્દની વ્યાખ્યા કરતાં સંસ્કૃત સાહિત્યમાં કહ્યું છે કે, परहितचिंता मैत्री... તો શાંતસુધારસમાં શ્રી વિનયવિજયજીએ કહ્યું છે કે, मैत्री परेषां हितचिन्तनम् પારકાના અર્થાત્ અન્ય લોકોના હિતની ચિંતા કરવી, ખેવના કરવી તે મૈત્રી છે. બીજાના હિતનો વિચાર કોણ કરી શકે? જે પોતાના સ્વાર્થને ગૌણ કરી શકે, તે જ બીજાના હિતનો વિચાર કરી શકે. અનાદિ કાળથી મનુષ્ય માત્ર સ્વકેન્દ્રી અને સ્વાર્થી જ રહ્યો છે. એ સાથે લોભી પણ છે. અનાદિ કાળના આ કુસંસ્કારોથી મુક્ત થવું બહુ જ અઘરું છે. તેને માટે ગુરુભગવંતો કે સજ્જન મહાપુરુષોનો સંતસંગ અનિવાર્ય છે. આ સત્સંગ મૈત્રી ભાવનાના બીજનું આરોપણ કરે છે અને કાળક્રમે તેનું સંવર્ધન પણ કરે છે. આ મૈત્રી ભાવના એ આત્મોન્નતિનું મહત્ત્વનું સાધન છે અને તેના દ્વારા જ આત્માની આધ્યાત્મિક ઉન્નતિનો આરંભ થાય છે. મતલબ કે મૈત્રીભાવ જ અધ્યાત્મનું ઉદ્‌ગમસ્થાન છે. મૈત્રીભાવ વગર આત્માની ઉન્નતિ શક્ય જ નથી અને જૈન દર્શનની પરિભાષામાં તે સમ્યક્ત્ત્વ પ્રાપ્તિનું મૂળ કારણ છે. તે રીતે પ્રમોદ ભાવના, કરુણા ભાવના અને માધ્યસ્થ ભાવના પણ સમ્યક્ત્વ પ્રાપ્તિ માટેની પૂર્વભૂમિકાનું નિર્માણ કરી આપે છે અને તે દૃષ્ટિએ મૈત્રી આદિ ચાર ભાવનાનું જૈન પરંપરામાં વિશેષ મહત્ત્વ છે. સમ્યક્ત્ત્વ પ્રાપ્તિ પછી અનિત્યાદિ બાર ભાવના ભાવવાની હોય છે, તે દ્વારા આત્માનું કલ્યાણ કરવામાં આવે છે.

સામાજિક રીતે અન્ય લોકોનું હિત એટલે તેને આવશ્યક ચીજ વસ્તુઓની પ્રાપ્તિ કરાવવાનો કે આર્થિક અથવા સામાજિક રીતે કોઈ તકલીફમાં હોય તો તે તકલીફ દૂર કરી આપવા માટેનો વિચાર કરવો અથવા તે માટે યોગ્ય સલાહ સૂચન આપવા તે લૌકિક દૃષ્ટિએ મૈત્રી ભાવના કહેવાય છે. એટલું જ નહિ તે માટે પોતાની શક્તિ પ્રમાણે પ્રયત્ન કરવો તે મૈત્રી ભાવનાનું સાકાર સ્વરૂપ કહી શકાય. આ સંસારના વ્યવહારને અનુલક્ષીને બતાવ્યું છે માટે તેને દ્રવ્ય દયા અથવા દ્રવ્ય મૈત્રી કહે છે. અલબત્ત, જૈન દાર્શનિક પરંપરામાં આનું કોઈ વિશેષ મહત્ત્વ નથી.

જૈન દર્શનમાં વિશેષ પ્રકારે આત્માના હિતની વાત કહેલી છે. કોઈ પણ જીવ આ ભવમાં તો દુઃખી ન થવો જોઈએ કે તેને તકલીફ ન થવી જોઈએ પરંતુ દરેક જીવ હવે પછીના ભવમાં પણ નિરંતર સુખી થાય અને તે સુખ અનુભવતા અનુભવતા પરંપરાએ મોક્ષ સુખ પામે અથવા સૌ જીવ મોક્ષ સુખ પામે તેવી ભાવના જ તાત્ત્વિક અને સાત્ત્વિક મૈત્રી ભાવના કહેવાય છે. આ અંગે શાંતસુધારસ નામના સંસ્કૃત કાવ્યમાં કહ્યું છે કે હે જીવ ! આ અનાદિ-અનંત સંસારમાં જન્મ-મરણ કરતાં તેં જગતના બધા જ જીવો સાથે કોઈ ને કોઈ સ્વરૂપે સંબંધ બાંધ્યો છે. તેથી જગતના બધાજ જીવો તારા બંધુ-સ્વજન છે. તે કારણથી તારે સર્વ જીવોનું કલ્યાણ થાય, એકેન્દ્રિય વગેરે જીવો ક્યારે પંચેન્દ્રિયપણું પામે, ક્યારે બોધિબીજ પામે અને જલ્દીથી મોક્ષ સુખ પ્રાપ્ત કરે તેવી ભાવના રાખવી અને તે માટે પ્રયત્ન પણ કરવા. મૈત્રી ભાવનાવાળો જીવ પ્રત્યેક જીવના આંતરસુખોના પ્રાગટ્યની ખેવના કરતો હોય છે.

વર્ષ ભર રહે જાગૃતિ એવા ભાવ સાથે **મિચ્છામિ દુક્કડમ્**
**પ્રકાશ સમીક્ષા સમિતિ**

તાત્ત્વિક દૃષ્ટિએ આપણી શુભભાવનાથી જે તે જીવનાં અશુભ કર્મોમાં કોઈ ફરક પડતો નથી. આમ છતાં આપણી શુભભાવનાનું ક્યારેક નિમિત્ત પ્રાપ્ત કરીને જીવ સદ્પ્રવૃત્તિ દ્વારા પોતાનાં કર્મોમાં પરિવર્તન અથવા ક્ષયોપશમ કરી શકે છે. તેના કરતાં વધુ મહત્ત્વનું તો એ છે કે આ પ્રકારની શુભ ભાવના કે મૈત્રી ભાવના દ્વારા જીવ પોતાના આત્માનું અહિત થતું રોકી શકે છે. એ માટે પણ મૈત્રી ભાવના આવશ્યક છે. શ્રી ચિત્રભાનુજીએ તેના ગુજરાતી પદ્યમાં બહુ જ સરસ રીતે મૈત્રી ભાવનાનું હાર્દ વ્યક્ત કર્યું છે.

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, , મુજ હૈયામાં વહ્યા કરે ।
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે ।।

**પ્રમોદ ભાવના :**

બીજા ક્રમે પ્રમોદ ભાવના આવે છે. પ્રમોદ એટલે આનંદ પામવો, ખુશ થવું. કઈ બાબતમાં ખુશ થવું ? તો સંસ્કૃત સાહિત્યમાં કહ્યું છે કે परगुणतुष्टिर्मुदिता - તો શાંત સુધારસમાં શ્રી વિનયવિજયજીએ કહ્યું છે કે भवंत् प्रमोदो गुणपक्षपात: અન્યના ગુણ જોઈને સંતોષ પામવો તે. દા. ત. કોઈ દાન આપે તો તેની પ્રશંસા થાય જ. તું તેના દાનની અનુમોદના કરજે, પરંતુ ઈર્ષ્યા ન કરીશ. કોઈ નિર્વિકાર જીવન જીવે છે અને ઉપકાર કરે છે, તેનું નામ જપીએ તો ય આનંદ થાય. કોઈ મહાપુરુષ સહનશીલતા દ્વારા પોતાના ક્રોધ અને માનનો નાશ કરે છે, આ પ્રકારના સર્વજીવોના ગુણોની પ્રશંસા કરવી અને તેનાથી ખુશ થવું તે પ્રમોદ ભાવના છે.

સામાન્ય રીતે જીવ માત્રમાં અનાદિ કાળથી ઈર્ષ્યા-અદેખાઈનો દુર્ગુણ હોય છે. આ દુર્ગુણ દૂર કરી તેના સ્થાને અન્યના સદ્ગુણ, સુખ, આનંદ અને ઐહિક તેમજ આત્મિક ઉન્નતિ જોઈ ખુશ થવું બહુ જ અઘરું છે. આમ છતાં અનાદિ કાળના એ કુસંસ્કારો ભવિતવ્યતા, તથા ભવ્યત્વનો પરિપાક, સદ્ગુરુનો સંયોગ અને તેમની પ્રેરણા વગેરે અનેક નિમિત્તો દ્વારા દૂર થઈ શકે છે. આ પ્રકારનો ગુણ ધરાવનાર વ્યક્તિ સંસ્કૃત સાહિત્યમાં બતાવ્યા પ્રમાણે मनसि वचसि काये, पुण्यपीयूषपूर्णा । परगुणपरमाणून, पर्यतीकृत्य नित्य । निजहदि विकसन्ता सन्ति सन्ता कियन्ता ।। મન, વચન અને કાયા


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.



।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ (મુંબઈ)**

દ્વારા આયોજિત

**સમુહ લગ્નોત્સવ ૨૦૧૬**

**તા. ૧૧/૧૨/૨૦૧૬ રવિવાર**ના આદીપુર કચ્છ મુકામે રાખવામાં આવેલ છે. તો ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી.

લિ. **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ (મુંબઈ)**

**કિરણ દંડ** (મુંબઈ) **પ્રબોધ મુનવર** (ભુજ-કચ્છ) **અરવિંદ લોડાયા** (ગાંધીધામ-કચ્છ)

**લોનાવલા આશ્રમની કન્યા સાથે સગપણ કરવા આપણા જ્ઞાતિના ઉ.વર્ષ ૩૧ સુધીના ઈચ્છુક યુવકોને સંપૂર્ણ બાયોડેટા સાથે સંપર્ક સાધવા વિનંતી.**

તેમની સાથેનો **પરિચય મિલન તા. ૧૮/૯/૨૦૧૬** સવારના ૯ કલાકે લોનાવલામાં રાખવામાં આવેલ છે.

લિ. **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ (મુંબઈ)**

**ગોવિંદજી પટેલ** **098205 40949**
**હેમંત મોતા** **093707 10891**

**મિચ્છામિ દુક્કડમ્**

ત્રણેમાં એકવાક્યતા હોય, જેવું વિચારે તેવું જ બોલે અને જેવું બોલે તેવું જ કરે. તેવા મહાપુરુષોને સંસ્કૃત સાહિત્યમાં સંત અર્થાત્ સજ્જન કહે છે. આવા સજ્જન મહાપુરુષોનો મનમાં શુભભાવ ભર્યા હોય છે. તેઓ અન્યનું ખરાબ કરવાની તો વાત દૂર રહી પણ કોઈનું ખરાબ વિચારી શકતા પણ નથી. આવા સંતો હંમેશા અન્યના નાનાશા ગુણને પણ પર્વત જેવા મોટા કરી વર્ણવે છે. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવનો સારી રીતે વિકાસ થયો હોય તો જ પ્રમોદ ભાવના આવી શકે છે.

બાકી સામાન્ય મનુષ્ય પોતાની આત્મશ્લાઘા, આત્મપ્રશંસામાંથી જ ઊંચા આવતા નથી ત્યાં અન્યના ગુણોથી ખુશ થવાની વાત જ વિચારી શકાય એમ નથી. અરે ! અન્યના ગુણોની પ્રશંસાને પણ તે સહન કરી શકતા નથી. આ અંગે શ્રી ચિત્રભાનુજીએ કહ્યું છે કે –

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે ।
એ સંતોના ચરણકમળમાં મુજ જીવનનું અર્ધ્ય રહે ।।

**કરુણા ભાવના :**

ત્રીજા ક્રમે કરુણા ભાવના આવે છે. કરુણા માટે સંસ્કૃત સાહિત્યમાં કહ્યું છે કે परदोषविनाशिनी तथा करुणा । અન્યના દોષોને દૂર કરવા રૂપ કરુણા અર્થાત્ જીવદયા એ જૈન દર્શનનો પાયાનો મુખ્ય સિદ્ધાંત છે. શાંતસુધારસમાં કહ્યું છે કે कारुण्यमर्तागिरुजां जिहीर्षा इति । અર્થાત્ વિવિધ પ્રકારના દુઃખોથી દુઃખી થયેલ અને રોગી, સુખભંગ થયેલ, ધનહાનિ થયેલ હોય તથા ધર્મવિહીન હોય તેવા જીવો પ્રત્યે દયા રાખવી તે કરુણા. કોઈ પણ દુઃખી જીવ પ્રત્યે મનમાંથી દર્દનો ભાવ ઉત્પન્ન થવો તે કરુણા કહેવાય છે.

કરુણાને અનુકંપા પણ કહે છે અને સમ્યકત્વના પાંચ લક્ષણો પૈકી અનુકંપા ચોથું લક્ષણ છે. તેથી બાર ભાવનાની પૂર્વભૂમિકારૂપ ચાર ભાવનામાં કરુણાને સ્થાન આપવામાં આવ્યું છે. આજના કાળમાં મનુષ્ય સંવેદનાહીન બની ગયો છે. પરિણામે તેનામાં કરુણા અર્થાત્ જીવદયા – અનુકંપા રહી નથી. જો મનુષ્ય દરેક જીવમાં આત્મભાવ અનુભવે તો કરુણા આપોઆપ પ્રગટ થયા વિના રહે નહિ.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે सव्वभूयप्पभूयेषु તો ભગવદ્ગીતામાં કહ્યું છે કે आत्मवत् सर्वभूतेषु – પોતાના આત્મા જેવો જ બીજાનો આત્મા છે. મને જે ગમે તે બીજાને પણ ગમે છે અને મને જે નથી ગમતું તે બીજાને પણ નથી ગમતું. દા. ત. મને જીવવું ગમે છે તેમ દરેક જીવને જીવવું ગમે છે. જેમ મને દુઃખ નથી ગમતું તેમ બીજાને પણ દુઃખ નથી


## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦-બી, કેશવજી નાયક રોડ, ચિંચબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨૯૩૦૪

### ચૂંટણી અંગેની જાહેરાત

ઉપરોક્ત સંસ્થાની સંવત ૨૦૭૩થી ૨૦૭૫ સુધીના ત્રણ વર્ષ માટે સંસ્થાના બંધારણ અનુસાર ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી આસો-વદ ૧ રવિવાર, તા. ૧૬-૧૦-૨૦૧૬ના સવારે ૧૦ થી સાંજે ૫ સમય દરમ્યાન કરવામાં આવશે.

**-: ચૂંટણી અંગે કાર્યક્રમ :-**

**ઉમેદવારી પત્રક આપવાનો પ્રારંભ :**
**ભાદરવા સુદ-૪ સોમવાર તા. ૫-૯-૨૦૧૬**

**ઉમેદવારી પત્રક ભરીને પાછો આપવાનો છેલ્લો દિવસ :**
**ભાદરવા સુદ ૧૪ ગુરૂવાર, તા. ૧૫-૯-૨૦૧૬, સાંજે ૫ વાગ્યા સુધી**

**ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લો દિવસ :**
**ભાદરવા વદ ૩૦ શુક્રવાર તા. ૩૦-૯-૨૦૧૬, સાંજે ૫ વાગ્યા સુધી**

**તા.ક.:** સંસ્થાના બંધારણ અનુસાર થયેલ સામાન્ય સભ્યો સિવાય અન્ય કોઈ પણ પ્રકારના સભ્યો કે જેમના નામો સંસ્થાની મતદાર યાદીમાં તા. ૨-૯-૨૦૧૬ સુધી નોંધાયેલ હશે તેઓ જ ટ્રસ્ટી તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ભાગ લઈ શકશે તથા મતદાન કરી શકશે. જે સભ્યોના સરનામા તથા ફોન નંબર બદલાયા હોય તેમણે સંસ્થામાં જાણ કરવા વિનંતી.

**કાર્યાલય સમય : ૧૨ થી ૬ કલાકે**

લિ. **ચૂંટણી સમિતિ વતી**

**C.A. શ્રી લક્ષ્મીચંદ નાનજી મારૂ** (સાભરાઈ) • **શ્રી કાનજી શામજી ખીમસરીયા** (મોટી ઉનડોઠ)

ગમતું. મને જેમ સુખ ગમે છે તેમ સૌને સુખ ગમે છે. આ રીતે તેને અન્ય જીવો પ્રત્યે કરુણા પૈદા થાય છે. આ કરુણા શરૂઆતમાં પોતાના સ્વજન સંબંધી અંગે પેદા થાય છે અને ત્યાર બાદ તેનો વિસ્તાર થતાં દરેક મનુષ્ય પ્રત્યે કરુણા પેદા થાય છે. છેવટે મનુષ્યેતર અન્ય પ્રાણીઓ જેવાં કે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય પશુ-પક્ષી વગેરે તથા નરકના જીવો અને તેથીય આગળ વધીને સ્થાવર જીવો પ્રત્યે પણ કરુણા પેદા થાય છે. તો ક્યારેક કોઈક જીવમાં ઉચ્ચ કક્ષાની કરુણાના પાદુર્ભાવ થાય તો તેનાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. આવી ઉચ્ચ કક્ષાની કરુણામાં તે જીવ દરેક જીવને મોક્ષ પ્રાપ્ત કરાવવાની ભાવના ભાવે છે. પંડિતશ્રી રૂપવિજયજીએ સ્નાત્રપૂજામાં કહ્યું છે કે –

જો હોતે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરુ શાસનરસી ।

આ કરુણા ભાવના જ જિનશાસનનું હાર્દ છે. તે માટે શ્રી ચિત્રભાનુજીએ કહ્યું છે કે –

દીન, ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે ।
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો સ્રોત વહે ।।

**માધ્યસ્થ ભાવના :**

ચોથા ક્રમે માધ્યસ્થ ભાવના આવે છે. માધ્યસ્થ એટલે તટસ્થતા અર્થાત્ સમતા. આ ભાવનામાં રાગ અને દ્વેષ બંને સમપ્રમાણમાં હોય છે અથવા ન તો રાગ વધુ હોય છે કે દ્વેષ વધુ હોય છે. આ ભાવનાને ઉપેક્ષા ભાવના પણ કહેવામાં આવે છે. સંસ્કૃત સાહિત્યમાં કહ્યું છે કે परदोषोपेक्षणं उपेक्षा । અન્યના દોષોની ઉપેક્ષા કરવી, તેને મહત્ત્વ ન આપવું, શાંતસુધારસમાં કહ્યું છે કે उपेक्षणं दुष्टधियामुपेक्षा । અર્થાત્ અન્યના ધનની ચોરી કરનાર, પરસ્ત્રીનું સેવન કરનાર, હિંસા અને અન્યાયનું આચરણ કરનાર એવા દુષ્ટ બુદ્ધિવાળાની ઉપેક્ષા કરવી કારણ કે આવા લોકો ઉપદેશને યોગ્ય નથી. જો વ્યક્તિમાં ઉદાસીનતા અર્થાત્ ઔદાસીન્ય ભાવ હોય તો માધ્યસ્થ ભાવના તેના માટે સહજ સાધ્ય બની જાય છે.

સમાજમાં સજ્જન મનુષ્યો કરતાં દુર્જન મનુષ્યોની સંખ્યા વધારે છે. તે કારણે દુર્જનોના હિતની ચિંતા સજ્જન મહાપુરુષો તેના માટે વધારે પ્રયત્ન કરે છે ત્યારે કોઈક જ તે પ્રયત્નોને હકારાત્મક રીતે ગ્રહણ કરે છે. બાકી બહુધા તે દુર્જનોને સજ્જન પુરુષો દ્વારા કરવામાં આવેલ પરોપકારમાં પણ સ્વાર્થની ગંધ આવે છે અને તે દુર્જનો એમ જ માને છે કે જગતમાં કોઈ દુર્જનોને સુધારવા માટે ગમે તેટલા પ્રયત્ન કરે તો પણ તે જીવની ભવિતવ્યતા જે એવા પ્રકારની હોય, કાં તો તે અભવ્ય હોય તો તીર્થંકર પરમાત્માનો ઉપદેશ પણ તેમનું કલ્યાણ કરવા સમર્થ બનતો નથી તો આપણા જેવા સામાન્ય મનુષ્યના


## શ્રી આર્ય-ગુણ ગુરૂકૃપા જૈન શ્વે. તીર્થ-રામજી કા ગોલ
(જી- બાડમેર - રાજસ્થાન)

સપરિકર ૯૯ ઈંચના તીર્થાધિપતિ શ્રી મેરૂતુંગ પાર્શ્વનાથ ભગવાન ભરાવવાનો સકલ સંઘને સામુહિક લાભ

**પ્રેરણા : સૌમ્ય સ્વભાવી પ.પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**
**ઝગમગતા તારલાનું દેરાસર હોજો, એમાં પ્રભુજીની મારી પ્રતીમા હોજો !**

નાના-મોટા સૌને ભાવ હોય જીવનમાં એક પ્રતિમાભરાવવાનો લાભ મલે અને શ્રાવકનું કર્તવ્ય પણ છે, એક પ્રતિમા ભરાવવી જોઈએ, સંપૂર્ણ પ્રતિમા ભરાવવાનો લાભ કદાચ ન મળે તો તીર્થાધિપતી શ્રી ભરાવવાનો અમૂલ્ય લાભ ફક્ત રૂા. ૨૭૦૦૦/-માં મળી રહ્યો છે. આ યોજના પૂ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. મુંબઈથી વિહાર કરતા પ્રારંભ થયેલ. જે પરામાં વિહાર થયાં ત્યાં પ્રેરણા કરતા આ નામો આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા | વારાપધર - વાપી | કાંતાબેન ઠાકરશી લોડાયા | જખૌ - અમદાવાદ |
| વિજયાબેન વિરેન્દ્ર લોડાયા | બાંઢીયા - અમદાવાદ | કસ્તુરબેન ખીમજી લોડાયા | જખૌ - અમદાવાદ |
| સુશીલાબેન વેલજી સોની | જખૌ - અમદાવાદ | પ્રવીણાબેન દિનેશ ધરમશી | રંગપુર - સાંતાક્રુઝ (ઈ) |
| શશીકલા જીતેન્દ્ર ખોના | આરીખાણા - અમદાવાદ | વિજયાબેન ડુંગરશી લાપશીયા | દલતુંગી - મુલુંડ (વે) |
| વિજયાબેન મહેન્દ્ર ખોના | આરીખાણા - અમદાવાદ | કલ્પનાબેન શામજી નરશી દંડ | સાંધવ - મુલુન્ડ (વે) |
| ગુલાબચંદ ધનજી દંડ | પરજાઉ - અમદાવાદ | ગીતાબેન નવીનચંદ્ર શાહ | મોટી ખાવડી - મુલુન્ડ (વે) |
| શાંતાબેન વેલજી હંસરાજ વોરા | રંગપુર - અમદાવાદ | | |

શ્રી પ્રતિષ્ઠા મહોત્સવ સાધારણ ફંડ યોજનામાં લાભ લેનાર રૂા. ૧,૧૧,૧૧૧/- નલીનીબેન ચંદ્રકાંત શામજી નાગડા (જખૌ - મુલુન્ડ (ઈ)

-: પ્રભાવક શ્રી નાકોડાભૈરવ દેવ દેરી તથા માણેકસ્તંભ આરોપણ પૂજન અને નવગ્રહ પુજન :-
પૂ. આ. શ્રી નયગુણાશ્રીજી મ.સા. તથા પૂ. સા. શ્રી રક્ષગુણાશ્રીજી મ.સા. ની પ્રેરણાથી
માતુશ્રી વિજયાબેન ડુંગરશી લાપસિયા - દલતુંગી - જોધપુર - મુલુન્ડ હ. શ્રીમતી પ્રજ્ઞાબેન દિલીપભાઈ લાપસિયા, પૌત્ર ધવલ, પૌત્રી માનસી

-: તીર્થ નિર્માણ દાતા યોજનાના લાભાર્થી :-
માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા (વારાપધર) વાપી
માતુશ્રી હીરાવંતીબેન તલકચંદ લોડાયા (બારોઈ) - મુલુન્ડ ચેકનાકા

-: દેવદ્રવ્ય લાભાર્થી :-
શ્રી અનંતનાથ મહારાજ જૈન દેરાસર એવં સાધારણ ખાતા ટ્રસ્ટ :
શ્રી જસાપુર ક.દ. ઓ જૈનસંઘ

**નોંધ : જે પણ ભાગ્યશાળીને લાભ લેવું હોય તે માટે નીતીશ ધરમશી - શ્રી આર્યગુણગુરૂ કૃપા જૈન તીર્થ**
૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ, દેરાસર લેન, ઘાટકોપર (ઈસ્ટ) ફોન : ૨૫૦૧ ૧૭૮૮ - ૯૮૯૨૯ ૫૦૮૧૪.

UPASANA-9820167767

પ્રયત્નો ક્યાંથી સફળ થાય ? આમ જ્યારે તે સફળ થતા નથી ત્યારે સજ્જનો દુ:ખી થાય છે. તે સંજોગોમાં શાસ્ત્રકાર ભગવંતો સજ્જનોને માધ્યસ્થ ભાવ અર્થાત સમતા રાખવા કહે છે. અને આ સમતા જ વસ્તુતઃ સમ્યકત્વ છે. જ્યાં સમભાવ હોય ત્યાં જ સમ્યકત્ત્વ હોવાનો સંભવ છે. ત્યાં જ સાધુપણું હોય છે. શ્રી કલ્પસૂત્રમાં છેલ્લે સમાચારીમાં કહ્યું છે કે समणाए समणो होइ । તો શ્રી આચારાંગ સૂત્રના પાંચમા લોકસાર અધ્યયનમાં કહ્યું છે કે जं सम्मंति पासहा, तं मोणंति पासहा । जं मोणंति पासहा, तं सम्मंति ।। મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પણ જ્ઞાનસાર અષ્ટકમાં આ જ વાત બતાવતા કહ્યું છે કે – सम्यक्त्वमेव तन्मौन, मौनं सम्यक्त्वमेव च ।

આ ભાવના અંગે શ્રી ચિત્રભાનુજીએ ગુજરાતી પદ્યમાં કહ્યું છે કે –

મારગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું ।
કરે ઉપેક્ષા એ મારગની તો યે સમતા ચિત્ત ધરું ।।

મૈત્રી ભાવના દ્વારા અન્યનું આત્મિક અથવા આધ્યાત્મિક હિત કરવાની માત્ર ભાવના ભાવવાની નથી. એ સાથે એને યોગ્ય પ્રયત્ન કે પુરૂષાર્થ પણ કરવો જોઈએ. તે પૂર્વે સામેની વ્યક્તિના ગુણોની અનુમોદના પણ કરવી જરૂરી છે. જો આપણે તેના અદ્‌ભૂત ગુણોની અનુમોદના કરીએ તો તેનો આપણા પ્રત્યેનો દુર્ભાવ દૂર થાય છે અને આદર પેદા થાય છે. પરિણામે આપણે જે કોઈ તેને સલાહ કે માર્ગદર્શન આપીએ તેને તે અનુસરવા તત્પર બને છે. અને કરૂણાથી પ્રેરાઈ આપણે તેને સમ્યકત્ત્વની પ્રાપ્તિ કરાવવા માટે અનાદિ કાળની રાગ-દ્વેષની ગ્રંથિને તોડવા પુરુષાર્થ કરવાને ઉપદેશ આપી આપણા થકી પ્રયાસ કરવામાં આવે તો કદાચ સફળ થાય. માટે કરૂણા ભાવના ત્રીજા ક્રમે કહી છે. પુરુષાર્થવિહીન કોઈ પણ ભાવના અર્થહીન છે. અને પરોપકારી વ્યક્તિ હંમેશા બીજા ઉપર ઉપકાર કરવા તત્પર જ હોય છે. પરિણામે તેને યોગ્ય પુરૂષાર્થ પણ કરે છે. તેમાં તે સજ્જન મહાપુરૂષે સફળ ન થાય તો સમતા રાખવાનું માધ્યસ્થ ભાવના જણાવે છે.

આ ચારે ભાવનાથી વાસિત મહાપુરુષ વાસ્તવમાં સમ્યકત્વવંત હોવાની સંભાવના હોય છે. કદાચ સમ્યકત્વ પ્રાપ્તિ ન થઈ હોય તો તેની પૂર્વ ભૂમિકારૂપ યથા પ્રવૃતિકરણ તો અવશ્ય થયેલ હોય અથવા થતું હોય અને ટૂંક સમયમાં જ સમ્યકત્વની પ્રાપ્તિ કરનાર હોઈ શકે.

વર્તમાન કાળે સમાજના મોટાભાગના મનુષ્યો માનસિક તાણ અને અશાંતિ અનુભવે છે ત્યારે તેઓ ધર્મના શરણે




।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

**મા આશાપુરાની દશમી પહેડી**

સહર્ષ જય માતાજી સાથે જણાવવાનું કે મોટી સિંધોડી – મૈશેરી પરિવારના કુળદેવી **મા આશાપુરાની દશમી પહેડી** આસો સુદ – ૧ રવિવાર, તા. ૨/૧૦/૨૦૧૬ના દિવસે સવારે ૯ થી ૨ ડોંબિવલીમાં રાખવામાં આવી છે. **સર્વે ભાવિકો તેમજ નિયાણી બહેનોને પરિવાર સહિત ભાવભર્યું આમંત્રણ છે.**

**ભુઈમા ખમાવંતી ગુલાબ મૈશેરી ના સર્વેને જય માતાજી**

**❖ પહેડીના લાભાર્થી પરિવાર ❖**



**સ્વ. માતુશ્રી જયાબાઈ દેવશી પદમશી મૈશેરી**

**હસ્તે : ચેતનભાઈ, દિપકભાઈ, રમેશભાઈ મૈશેરી**



**સમય : રવિવાર, તા. ૨/૧૦/૨૦૧૬ સવારે ૯.૦૦ થી બપોરે ૨.૦૦ કલાકે**

**સ્થળ : ઠાકુર A/c હોલ, ટંડન રોડ, વાશી બસ સ્ટોપની બાજુમાં, ડોંબિવલી (ઈસ્ટ).**

**નોંધ : પહેડીમાં કાળા વસ્ત્રો પહેરવાની સખત મનાઈ છે.**

જવાને બદલે માનસિક રોગોના ડૉક્ટર કે મગજના ડૉક્ટર પાસે જાય છે. અને તેઓ મગજની પરિસ્થિતિનો લાગ મેળવવા E.E.G.- Electro Encephelo Graph Test કરાવે છે. આ ટેસ્ટમાં ડૉક્ટર વિવિધ પ્રકારના ઈલેક્ટ્રોડ્સ દ્વારા મગજમાં ચાલતા વિચિત્ર પ્રકારના વીજ-ચુંબકીય તરંગોની માહિતી મેળવે છે અને તેના આધારે દર્દીના મનનો તાગ મેળવે છે. તેમાં ચાર પ્રકારના તરંગો જોવા મળે છે. Beta, Alpha, Theta અને /અથવા Delta પ્રકારના તરંગો જોવા મળે છે. તે અનુસાર નિદાન કરી તે માટે યોગ્ય દવા કે સલાહ સૂચન આપે છે.

Beta તરંગોની કંપસંખ્યા ૧૩ થી ૪૦ હટર્ઝ હોય છે અને તે ચિંતા, માનસિક તાણ, ડર અસહિષ્ણુતા, તરંગી સ્વભાવ, કોપની સાથે સંબંધ ધરાવે છે. નબળી તંદુરસ્તી અને નબળી રોગપ્રતિકારક શક્તિનો તે નિર્દેશ કરે છે. તે સાથે નર્વસનેસ, ડિપ્રેશન અને ઉત્સુકતા પણ દર્શાવે છે. મોટા ભાગના લોકો આ Beta કક્ષામાં હોય છે.

Theta તરંગોમાં ૪થી ૭ હટર્ઝ કંપસંખ્યા હોય છે. ધ્યાનસ્થ અવસ્થામાં અથવા કોઈક પ્રકારના વિશિષ્ટ કર્મના ક્ષયોપશમ દ્વારા આંતરચક્ષુ ખુલી જાય છે. અંતઃપ્રેરણા દ્વારા કેટલાક પ્રશ્નોનો ઉકેલ પણ આ અવસ્થામાં પ્રાપ્ત થઈ શકે છે. શરીરથી આત્મા તદ્દન ભિન્ન છે તેવી સાક્ષાત્ અનુભૂતિ આ થીટા સ્ટેટમાં થઈ શકે છે. એટલું જ નહિ વજનવિહીન અવસ્થાનો પણ અનુભવ કરે છે. આ થીટા સ્ટેટમાં વ્યક્તિ સૂક્ષ્મસ્તરે અન્ય વ્યક્તિ સાથે સંપર્ક પણ કરી શકે છે. ટૂંકમાં, આ અવસ્થામાં વિશિષ્ટ લબ્ધિની પ્રાપ્તિની સંભાવના ખૂબ વધી જાય છે.

Delta તરંગોમાં ૦થી ૪ હટર્ઝ સુધીની કંપસંખ્યા હોય છે એમ આધુનિક વિજ્ઞાન કહે છે પરંતુ મારું માનવું છે કે ૧ થી ૪ હટર્ઝ સુધીની કંપસંખ્યા હોઈ શકે કારણ કે ૦ કંપસંખ્યા મગજની સંપૂર્ણ નિષ્ક્રિયતા દર્શાવે છે. જ્યારે આ અવસ્થા ગાઢ નિદ્રાનો નિર્દેશ કરે છે અને ગાઢ નિદ્રામાં આપણું અજાગ્રત મન ક્રિયાશીલ હોય છે. ગાઢ નિદ્રામાં સ્વપ્ન આવતા નથી. આ ડેલ્ટા અવસ્થા શરીરમાં રહેલ રોગોના નિવારણ હીલીંગ માટે બહુ મહત્વની છે. રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ગાઢ નિદ્રા ખૂબ ઉપયોગી છે. તંદુરસ્તી પાછી મેળવવા ગાઢ નિદ્રા રામબાણ ઈલાજ છે.

આધુનિક વિજ્ઞાન તાણ-માનસિક ચિંતા દૂર કરવા માટે વિવિધ ઉપાયો તથા વિવિધ દવાઓ આપે છે. જ્યારે આ ચારેય ભાવના વગર દવાએ માનસિક શાંતિ આપે છે અને આપણા શરીરને સંપૂર્ણ નિરોગી બનાવવા સમર્થ છે. એટલું જ નહિ આ ચાર ભાવનાના અસલ સંસ્કૃત પદ્યો જે ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજે રચ્યા છે, તેનું સંગીતના મધુર સૂર સાથેનું ગાન અને શ્રવણ પણ આપણને આ ચાર ભાવનામય બનાવવા સમર્થ છે.


**Matrimonial website**
**for Gujarati Professionals,**
**Post Graduate & Entrepreneur**
**www.sagpansetu.com**
વધુ ભણેલા ગુજરાતી પરિવારના સંતાનો માટેની વેબસાઈટ
પેરેન્ટ્સની સગવડ માટે પ્રોફાઈલના
પ્રિન્ટ કોપી પણ આપવામાં આવશે
**Membership : Silver : Rs.1000**
**Gold : Rs.2500 • VIP : Rs.5000**
વિદેશમાં વસતા લગ્નોત્સુક સંતાનો માટે
NRI યુવક-યુવતી ડિરેક્ટરી
વેબસાઈટમાં સભ્ય થનારને આ ડિરેક્ટરી આપવામાં આવશે
For Form : sagpansetu@gmail.com
ટૂંક સમયમાં ભારતના વિવિધ શહેરોમાં વસતા
વધુ ભણેલા યુવક યુવતીઓ ની ડિરેક્ટરી પણ બહાર પડશે
Download our App 'sagpansetu'
Contact: Rakesh Joshi 70453 61287 / 022-67421287
218,Raja Ind Estate, P K Road, Mulund W. Mumbai



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


**ક્ષમાપના...**

ક્ષમા ત આય આત્માજી દિવાળી,
ત ચુકતે કયો વેર - ઝેરજા હિસાબ;
ત 'રશ્મિન' આત્મામેં ખીલી ઉઠીંધો,
સંમ્યકત્વજો ગુલાબી ગુલાબ.

**- રશ્મિન ખોના** (મુંબઈ)

**મિચ્છામિ દુક્કડમ્**

**ખેતબાઈ હિરાચંદ મોમાયા પરિવાર** (વરાડીયા-ઘાટકોપર)
**દમયંતિ હિરાલાલ ભવાનજી મોમાયા** (વરાડીયા-આર્થર રોડ)
**કુસુમ રમેશ ભવાનજી મોમાયા** (વરાડીયા-દેવલાલી)

## કચ્છ : શિલ્પ-સ્થાપત્યની અમૂલ્ય જણસ - શ્રીમતી પારૂલબેન બી. ગાંધી

(વિદૂષી લેખિકા પારૂલબેન બી.એ.માં સુવર્ણચંદ્રક સાથે M.A. કરી ઉજ્જ્વળ શૈક્ષણિક કારકિર્દી ધરાવે છે. જૈન ધર્મના પણ ઊંડા અભ્યાસી છે. તેમણે ઘણા ઈનામો પ્રાપ્ત કર્યાં છે. દસેક જેટલાં પુસ્તકોનું સંપાદન કર્યું છે.)

કચ્છ એ પોતાની આગવી સંસ્કૃતિ ધરાવતી અતિ પ્રાચીન ભૂમિ છે. ભારત દેશના પશ્ચિમ સાગરકાંઠે ગુજરાત રાજ્યનો કચ્છ જિલ્લો ઐતિહાસિક તથા ભૌગોલિક મહત્ત્વ ધરાવે છે.

**ભદ્રેશ્વર :** કચ્છના મુન્દ્રા તાલુકામાં ભદ્રેશ્વર નામનું અતિ પ્રાચીન, મનોહર, દિવ્ય અને પરમ પ્રભાવક તીર્થ આવેલું છે. શાસ્ત્રોમાં **વસઈ** અથવા **ભદ્રાવતી** નામે પણ તેનો ઉલ્લેખ છે. ભારતમાં શ્રી સમેતશિખરજી તથા શ્રી શત્રુંજય જેવા શાશ્વત મહાતીર્થો પછી આ તીર્થનો ક્રમ આવે છે. ૨૫૦૦ વર્ષ પ્રાચીન આ તીર્થનું ગગનચુંબી શિખરોવાળું દેવવિમાન જેવું ભવ્ય અને અનુપમ જિનાલય લોકોના મન મોહી તેમને મંત્રમુગ્ધ કરી દે છે. અહીંથી મળેલા તામ્રપત્રના આધારે ફલિત થાય છે કે મહાવીરસ્વામી પછી ૨૨ વર્ષે ભદ્રાવતીના તત્કાલીન રાજા સિદ્ધસેનની સહાયથી શ્રાવક દેવચંદે ભૂમિસંશોધન કરી આ તીર્થનું શિલારોપણ કરેલ.

મુખ્ય જિનાલયમાં મુળનાયક મહાવીર સ્વામીની શ્વેત વર્ણની સુંદર પ્રતિમા છે. ૨૫મી દેરીમાં પૂજ્ય કપિલ કેવળી મુનિવરે પ્રતિષ્ઠિત કરેલી પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુજી પ્રતિમા બિરાજમાન છે. હાલમાં જ ધરતીકંપથી ધ્વંસ થયા બાદ આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો છે. ગુલાબી પથ્થરોથી બનાવાયેલું આ દેરાસર નયનરમ્ય લાગે છે. પાર્શ્વનાથ ભગવાનની જ્યારે પ્રતિમા પ્રથમ વખત પ્રતિષ્ઠિત કરી તે પ્રસંગે ભદ્રાવતી નગરીના અનન્ય બ્રહ્મચારી દંપતી વિજય શેઠ અને વિજયા શેઠાણીએ જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરેલ. તેમજ તેમને કેવળજ્ઞાન પણ અહીં જ થયેલ હતું.

આ પ્રાચીન તીર્થને અનેક વિષમ ભૌગિલિક પરિસ્થિતિઓએ અસર કરેલ છે અને દરેક વખતે તે સમયના મહાન યુગપુરુષોએ તેનો જીર્ણોદ્ધાર કરાવેલો છે. અત્યારસુધીમાં મહારાજ કુમારપાળ, સમ્રાટ સંપ્રતિ રાજા, દાનવીર જગડુશા, શેઠ વર્ધમાન, શેઠ પદમશીશા, મેણસી-તેજસીના ધર્મપત્ની મીઠીબેન તથા દુર્ગાપુરના શ્રાવક શા. આશુબાઈ વાઘજી વગેરે દ્વારા મંદિરના નવેક વખત જીર્ણોદ્ધાર થયા છે. મૂર્તિ નીચે લખેલા ૧૬મી સદીના શિલાલેખ અહીં મળે છે જે તેની પ્રાચીનતા સિદ્ધ કરે છે. આ તીર્થનું ચોગાન અઢી લાખ ચોરસ ફૂટથી પણ વધારે વિશાળ છે. જિનાલયની ઊંચાઈ ૫૨ ફૂટ છે. લંબાઈ આશરે ૧૫૦ ફૂટ, પહોળાઈ ૮૦ ફૂટ છે. જિનાલયમાં એકાવન દેવકુલિકાઓ અતિશય ભવ્ય અને કલામય છે. જિનાલયના પ્રવેશદ્વારમાં પ્રવેશ થતાં જ પ્રભુજીના દર્શન થઈ શકે એવું જિનાલયનું અનુપમ પ્રેક્ષણીય-કૌશલ્ય સ્થાપત્ય છે. એક પણ સ્તંભ, છત કે ભીંત કોતરણી વગરના ખાલી નથી. રંગમંડપ, રાસમંડપ અને પૂજામંડપ આવેલા છે જેમાં સુંદર મજાની દેવ-દેવીઓ, ભગવાનના ભવોનું આલેખન કરતાં ચિત્રપટ્ટો વગેરે આવેલા છે. તોરણો પણ સુંદર રીતે કોતરાયેલા છે. જે કલા-કારીગરીના, સ્થાપત્યના બેનમૂન, અજોડ, ઉત્તમ નમૂનાઓ છે જેને જોતાં જ હૃદય ઉલ્લાલભાવથી ભરપૂર બની જાય છે.

અહીં સુદંર, મોટી ભોજનશાળા, આધુનિક ધર્મશાળા, બ્લોકો છે. નિયમિત આયંબિલ ખાતું ચાલે છે.

ભદ્રેશ્વરથી લગભગ ૩૫ કિ.મી. દૂર બોંતેર જિનાલય તીર્થ આવેલું છે ત્યાં પૂ. આદેશ્વર દાદાની કારૂણ્ય નીતરતી સુંદર મનમોહક પ્રતિમાજી છે. વર્તમાન ચોવીસી, આવતી ચોવીસી, તથા વિહરમાન તીર્થંકરોની લગભગ ૭૨ જેટલી દેવકુલિકાઓ છે. હાઈ-વે પર સ્થિત આ દેરાસરનો પટ ઘણો વિશાળ છે. સુંદર બગીચાઓ, આધુનિક ધર્મશાળા, ભોજનશાળા, પાર્કિંગ વગેરેની સુંદર સુવિધા છે. આ દેરાસર બહુ પ્રાચીન નથી. અહીંથી કોઈપણ જગ્યાએ જવા માટે વાહન મળી રહે છે.

કચ્છનો અબડાસા તાલુકો જૈનો માટે ખૂબ મહત્ત્વનો છે કારણ કે ત્યાંના સુથરી આદિ પ્રમુખ પાંચ તીર્થો સ્થાપત્ય-


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
Iris Banquette
Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION
• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ - સેમિનાર
બધા શુભપ્રસંગો માટે આદર્શ
Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.
આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

॥ ડોંબિવલીના રાજરાજેશ્વર શ્રી સુવિધિનાથાય નમો નમઃ ॥

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી

**ભારતભરના સૌથી વિશાળ અચલગચ્છીય સંઘની સકલ સંઘોને વિનંતી.**

**ચાલો...**
**તપસ્યા નિમિતે થતી**
**સાંજી/પૂજનમાં**
**રાત્રી ભોજન/અભક્ષ્ય ભોજન**
**ટાળીએ...**

## ચાલો જાગૃત થઈએ....
## આપણાથી શરૂઆત કરીએ...

**પર્યુષણ પર્વમાં કરીએ સૌ આરાધના**

**તપ કર્યા બાદ ટાળીએ સર્વ વિરાધના**




સૌથી શ્રેષ્ઠ માનવ ભવ એમાંય જિનશાસન અને જિનધર્મ મળવું અતિદુર્લભ છે. દેવલોકના દેવો પણ જેને ઝંખે છે તેવા અતિસુંદર ભવમાં પ્રભુએ અલગ અલગ પર્વોની ગોઠવણી આપણા આત્માના કલ્યાણ માટે જ કરી છે. જેની ઉજવણી આપણે કરતાં હોઈએ છીએ. પર્વશિરતાજ છે પર્યુષણ મહાપર્વ જે સૌનો અતિ પ્યારો પર્વ છે. આ પર્વમાં આઠ દિવસ સુધી ધર્મ આરાધના કરવામાં કોઈપણ આત્મા બાકી ન જ રહે. જેમાં દાન–શીલ–તપ–ભાવ વગેરેની વિશિષ્ટ આરાધના થતી હોય છે. તપધર્મને પોતાના જીવનનું મંત્ર બનાવનારા અનેક આત્માઓ માસક્ષમણ, સોળ ઉપવાસ, નવાઈ, અઠ્ઠાઈ, સિધ્ધિતપ, શ્રેણીતપ વગેરેમાં જોડાઈ ને પર્વાધિરાજ ને ઉજવતાં હોય છે. ખરેખર સર્વેની ભુરી ભુરી અનુમોદના કુટુંબીજનો એ તપની અનુમોદના કરવા માટે પર્યુષણ બાદ સાંજી, પુજન, અનુષ્ઠાન વગેરેનું આયોજન કરતાં હોય છે. એ આયોજનમાં તપની અનુમોદનાર્થે પધારેલની સવિશેષ ભક્તિ કરવાના હેતુથી સાધર્મિક ભક્તિમાં સારી વસ્તુઓ રાખતા હોય છે. પણ ઘણીવાર જાણતા–અજાણતા જિનઆજ્ઞા ભુલાઈ જઈ અભક્ષ્ય–અનંતકાય પણ સૌને પ્રેમથી પીરસી દે છે. જે બિલકુલ યોગ્ય નથી. તપસ્યાના નિમિત્તમાં થયેલ આયોજનમાં પ્રભુના વચન પ્રમાણેનું જ ભક્ષ્ય પદાર્થો વાપરવા જોઈએ. જો આ રીતે ન કરવામાં આવે ને માત્ર દેખાદેખી, મોભો જાળવવા, ફેશનને સાચવવા જઈએ તો કરેલો તપ નિષ્ફળ જતો દેખાય છે. સદ્ગતિના બદલે દુર્ગતિમાં પહોંચાડનારું બની શકે. આટ–આટલા ઉપવાસ કર્યા બાદ રાત્રિ ભોજન, આઈસ્ક્રીમ વગેરે વાપરવી અને વપરાવવી એ સોનાની થાળીમાં ધૂળ રાખવા સમાન છે, **તો સૌ વીરના વારસદારોને અમારી નમ્ર ભરી અપીલ છે કે જો પ્રભુએ બતાવેલા શ્રેષ્ઠ સર્વવિરતીના માર્ગે ચાલી ન શકીએ તો કમ સે કમ દેશ વિરતીમાં તો રહીએ જ. તપસ્યા નિમિતેની સાંજી, પૂજન વગેરેમાં રાત્રી ભોજન, અભક્ષ્ય સદંતર બંધ થાય તો જ આ પર્યુષણને ખરા અર્થમાં ઉજવાયા એમ કહી શકાશે....**

**'જિનશાસન મળ્યું પાવનકારી, પ્રભુજી મળ્યા પરમ ઉપકારી,**
**પર્વાધિરાજ તો છે ઉત્તમકારી, તપધર્મ મળ્યો છે કલ્યાણકારી,**
**એ તપની અનુમોદના કરીએ આજ્ઞાકારી'**

**પૂ. ગુરુભગવંતો / વિધિકારો / સંગીતકારો**

**જે અનુષ્ઠાન/ મહોત્સવ/પૂજા સાંજીમાં રાત્રી ભોજન / અભક્ષ્ય ભોજન પીરસાતા હોય એ કાર્યક્રમમાં નિશ્રા, વિધિકાર, સંગીતકાર તરીકે જવાનું જો ટાળવામાં આવશે... તો સમાજમાં ઘર કરી ગયેલ આ પ્રથા ટળી શકશે...**

**પૂ. ગુરુભગવંતો.... શ્રી સંઘો... દાતાઓ.... શ્રાવક / શ્રાવિકા....**
**આવેગમાં કે આવેશમાં....જાણતાં કે અજાણતાં.... પ્રત્યક્ષ કે પરોક્ષ... આપનાં મન મંદિરમાં....**
**અમારાથી ક્યાંય ખલેલ પહોંચી હોય તો....પર્વાધિરાજના પાવન અવસર પર અંતઃકરણ પૂર્વક મિચ્છામિ દુક્કડમ્**

**લિ. શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી**
**ટ્રસ્ટીઓ, અધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો, ગુણવાત્સલ્ય સાધર્મિક ભક્તિના કાર્યકરો, યુવા પાંખ, મહીલા મંડળ, સામાયિક મંડળ, શ્રી સંઘના કર્મચારીઓ વતી પ્રમુખ - પ્રવિણ ટોકરશી લોડાયા - ૯૮૨૦૫ ૬૫૨૬૧**

BINITA SATISH MARU : 98690 34162

રચના-પૌરિણિકતા-શુદ્ધ-પવિત્ર-નિર્મળ અને શાંત વાતાવરણને લીધે અતિ ભક્તિદાયક બન્યા છે. વળી અહીંનું હવામાન હવાખાવાના મથકો અને આરોગ્યધામો જેવું આહ્‌લાદક અને આરોગ્યપ્રદ છે. અહીંની સૂકી હવામાં તાજગી અને પ્રસન્નતા મહેકે છે. વળી સુંદર હવામાનને કારણે અહીં અનેક **કુદરતી ઉપચાર કેન્દ્રો** પણ સ્થપાયા છે.

**૧. સુથરી :** વિક્રમની ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં બનેલું અબડાસાનું આ સૌથી પહેલું ખૂબ જ ચમત્કારિક તીર્થ છે. આ તીર્થમાં મૂળનાયક શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન બિરાજે છે. આ દેરાસર પણ અતિશય મનોહર શિલ્પ તથા કોતરણીથી શોભતું દેવવિમાન જેવું ભવ્ય છે. વીર નિર્વાણ પછી એકાદ શતાબ્દીના અરસામાં મહારાજા સંપ્રતિ દ્વારા ભરાવાયેલું અતિ સુંદર, તેજોમય, કરૂણાસભર શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનનું જિનબિંબ દર્શનાર્થીઓના મન મોહી લે છે. ૧૦૮ પાર્શ્વનાથમાં આ તીર્થની ગણના થાય છે. આભને આંબતા ઊંચા શિખરો અને પૂર્વાભિમુખ દ્વારવાળા આ વિશાળ મંદિરમાં ઊગતા સૂર્યના પ્રથમ રશ્મિઓ સીધા ગર્ભગૃહમાં પ્રવેશ કરે છે. તેનાથી ઉત્પન્ન થતી હકારાત્મક ઊર્જા યાત્રીઓના તન-મનને પ્રસન્નતાથી તરબતર કરી દે છે. મંદિરના શિખરો પર કરેલ રૂપેરી રંગકામથી જાણે ચારે તરફ પ્રકાશ પથરાઈ જાય છે અને ચાંદીનું દેવવિમાન ખડું હોય તેવો ભાસ થાય છે.

કુલ ૯૭ જેટલા જિનબિંબોનો બહોળો પરિવાર અહીં બિરાજે છે. મૂળનાયક ઉપરાંત વિક્રમના ૧૬મા સૈકામાં પ્રતિષ્ઠિત થયેલા શ્રી અજિતનાથ, શ્રી સુમતિનાથ, શ્રી આદિશ્વરજી, શ્રી કુંથનાથ તથા સહસ્ત્રકુટ જિનાલય સૌનું ધ્યાન ખેંચે છે. અહીં ત્રણ ઉપાશ્રય, ધર્મશાળા, ભોજનશાળા, આયંબિલશાળા, જ્ઞાનશાળા અને ગ્રંથભંડાર પણ છે. અહીં બિરાજમાન મૂળનાયકની પ્રતિમા ચમત્કારિક હોવાથી પ્રતિષ્ઠા વખતે મોટી સંખ્યામાં લોકો આવ્યા હતાં છતાં ઘી ખૂટ્યું નહિ. ઘીનું વાસણ ભરાયેલું જ રહ્યું. તેથી સહુ આશ્ચર્ય પામ્યા. ભગવાનનું ઘૃતકલ્લોલ એવું નામ પ્રસિદ્ધ થયું.

વર્તમાને જે ભવ્ય મંદિર વિદ્યમાન છે તેના ઉન્નત શિખરો છે. વાદળથી વાતો કરતાં ધ્વજદંડો અને પતાકાઓથી શોભિત, ચારે તરફ યક્ષદેવતાઓથી રક્ષિત, શિલ્પના સુંદર કોતરણીવાળા સમતુલિત પ્રમાણબદ્ધતા ધરાવતા ભવ્ય જિનાલયાના વિ.સં. ૧૮૯૫ (ઈ.સ. ૧૮૩૯)માં વૈશાખ સુદ આઠમે આચાર્યપ્રવર શ્રી મુક્તિસાગર-સૂરિજીના વરદ્ હસ્તે શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાઈ. દર વર્ષે આશરે ૨૫૦૦૦ થી વધુ ભક્તો દર્શન પૂજાનો લાભ લે છે. છ'રી પાળતા અનેક સંઘો પધારે છે.

**૨. કોઠારા :** પંચતીર્થીના ભૌગોલિક કેન્દ્ર સમું આ ગામ, કહેવાય છે કે બાવન ગામોના સામાજિક વહેવારનું એ સમયનું વડું મથક હતું. અહીં ૧૯મી સદીની શરૂઆતમાં શેઠશ્રી વેલજી માલુ, શેઠ શ્રી શિવજી નેણશી અને શેઠ શ્રી કેશવજી નાયક દ્વારા બંધાયેલ મેરૂપ્રભ જિનાલય ગામના મધ્ય ભાગમાં સ્થિત છે. વિ.સં. ૧૯૧૪ (ઈ.સ. ૧૮૫૮)માં આ દેરાસરનું નિર્માણકાર્ય શરૂ થયું જે ચાર વર્ષે પૂરું થતાં સર્જાયું એક ભક્તિવિભોર, ભાવસભર તથા મનને પ્રસન્નતાથી તરબતર કરી દે તેવું બેનમૂન સ્થાપત્ય. એ વખતે નિર્માણ કાર્યમાં ૧૬ લાખ કોરીનો ખર્ચ થયેલ. મંદિરને ફરતો કિલ્લો હોય તેવી રીતે તેની કંપાઉન્ડ વોલ કરી તેની ઉપર કાંગરા કરવામાં આવ્યા છે.

અહીંયા મૂળનાયક **શ્રી શાંતિનાથ ભગવાન** બિરાજમાન છે. તેનો આઠ મંદિરોના ઝૂમખાને કલ્યાણટૂંક કહેવાય છે. જેને પાલીતાણાની દાદાની ટૂંકનો ઘાટ આપવામાં આવ્યો છે. ઉન્નત મસ્તકે ઊભેલા દેરાસરના બાર ભવ્ય શિખરો ભક્તોને દૂરથી જ આનંદિત કરી દે છે. ભવ્યતામાં અજોડ અને પંચતીર્થીમાં સૌથી ઊંચું શિખર ધરાવતા આ જિનાલયની બાંધણી, શિલ્પ અને સ્થાપત્ય એવી રીતે સંગઠિત કરવામાં આવ્યા છે જાણે હિમાલયની ગિરિમાળાના એકાદ ઉત્તુંગ અને મનોરમ્ય શિખરને ઊંચકી લાવીને કોઈ દિવ્ય શક્તિએ અહીં ગોઠવી દીધું ન હોય ! મૂળનાયકજીના દેરાસરનું શિખર ૭૪ ફૂટની ઊંચાઈ ધરાવે છે જે કચ્છ જિલ્લાનું સૌથી ઊંચું એકમાત્ર શિખરબંધ દેરાસર છે. ૭૮ ફૂટ લંબાઈ અને ૬૯ ફૂટ પહોળું છે.

આ મુખ્ય દેરાસરની બાજુમાં જ એક નાનું સુંદર દેરાસર છે જે ૪૨૫ વર્ષ પ્રાચીન છે. જેમાં ૧૨૦૦ વર્ષ જૂની સંપ્રતિ રાજાના વખતની શાંતિનાથ ભગવાનની પ્રતિમાજી બિરાજમાન છે.

આ દેરાસરની કલા-કારીગરી-શિલ્પકામ માત્ર ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છમાં જ નહિ પરંતુ ભારતભરમાં સુપ્રસિદ્ધ છે. વિશાળ રંગમંડપ, તોરણો કમાનો, સ્તંભો પરની


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ

Originally at Zaveri Bazar since 1976

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડો
# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ

**ચાતુર્માસ પ્રવેશ ૧૭-૭-૨૦૧૬ના**
**સંઘજમણના લાભાર્થી પરિવાર**
**૫ સ્ટાર કેટરર્સ**

**ભાદરવા સુદ-૨ મહાવીર જન્મ વાંચનના**
**સાધર્મિક ભક્તિ લાભાર્થી પરિવાર**
**માતુશ્રી હંસાબેન મણીલાલ કુરવા,**
**હ. ડૉ. રાજેન્દ્ર કુરવા**

**ભાદરવા સુદ-૪ તપસ્વી બહુમાન બાદ**
**સાધર્મિક ભક્તિ લાભાર્થી પરિવાર**
**માતુશ્રી મણીબેન નવીનચંદ્ર મોતા,**
**હ. ઉલ્લાસભાઈ**

**ભાદરવા સુદ-૬ તપસ્વીઓના**
**તપના પારણા કરાવવાનો લાભાર્થી પરિવાર**
**અ.સૌ. મધુબેન લહેરચંદ ડાઘા**

**ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના**
**સ્વામી વાત્સલ્યના લાભાર્થી પરિવાર**
**અ.સૌ. પીંકીબેન કમલેશ ધરમશી**
**રવિવાર, તા. ૨૫-૦૯-૨૦૧૬**

**આસો માસની સંપૂર્ણ આંયબીલની ઓળીના**
**લાભાર્થી પરિવાર**
**માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા** - બાંઢીયા
**૫ સ્ટાર કેટરર્સ**

## શ્રી સંવત ૨૦૭૨ ચાતુર્માસ સ્તંભ દાતા

અ.સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા - રાપરગઢવારી
સ્વ. અ.સૌ. વિજયાબેન હરીશ ડાઘા - વરાડીયા
સ્વ. અ.સૌ. તારાબેન હીરાચંદ નાગડા - બાંઢીયા
અ.સૌ. પીંકીબેન કમલેશ ધરમશી - જસાપર
માતુશ્રી પુષ્પાબેન પાશ્વીર નાગડા - રંગપુર
શા. શ્રીકાંત ચીમનલાલ ધરમશી - સુથરી
શા. અમીતભાઈ વિજયભાઈ ખોના - નલીયા
શા. મયુર ખીમજી પીર - સુથરી
અ.સૌ. નિર્મળાબેન દામજી ગાલા - કોટડી મહાદેવપુરી

માતુશ્રી તારાબેન નવીનચંદ્ર છેડા - વારાપધર
હ. જયેશભાઈ
સંઘમાતા અ.સૌ. કલ્પનાબેન શામજી દંડ - સાંધવ
માતુશ્રી મંજુલાબેન મુલજી મૈશેરી - કોઠારા
(૫ સ્ટાર કેટરર્સ)
અ.સૌ. ચંદનબેન ત્રીકમજી મૈશેરી - કુવાપધ્ધર
(૫ સ્ટાર કેટરર્સ)
માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા - બાંઢીયા
(૫ સ્ટાર કેટરર્સ)

## શ્રી સંવત ૨૦૭૨ ચાતુર્માસ સહાયક દાતા

માતુશ્રી ઝવેરબેન પદમશી ખોના - સાંધવ
માતુશ્રી મણીબેન નવીનચંદ્ર મોતા - રાયધણજર
હ. ઉલ્લાસભાઈ
માતુશ્રી પ્રભાવંતીબેન મુલજી લોડાયા - ભરૂડીયા
શા. નવીનચંદ્ર દામજી મોતા - રાયધણજર
હ. હેમંતભાઈ
અ.સૌ. ચંદનબેન નારાણજી ગોસર - બાયઠ
(૫ સ્ટાર કેટરર્સ)
શા. કિલ્લોલ પ્રમોદ મોમાયા - સાંયરા
અ.સૌ. ઝવેરબેન ભુપેન્દ્ર ખોના - તેરા
શા. પ્રમોદ હંસરાજ સોની - સુથરી

માતુશ્રી શીલાબેન માણેકજી લોડાયા - કોઠારા
માતુશ્રી કાંતાબેન હીરાલાલ પટેલ - બાયઠ
માતુશ્રી દેવકાબેન હંસરાજ મોતા - રાપરગઢવારી
હ. તિલકભાઈ
માતુશ્રી ધનબાઈ ખેતશી દોલત - સુથરી
હ. શર્મિલાબેન
માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ શીયાડ - જખૌ
અ.સૌ. વિજયાબેન લહેરચંદ લોડાયા - વારાપધર
માતુશ્રી રતનબેન કાંતીલાલ મોતા - રાયધણજર
હ. રાજેન્દ્રભાઈ
ક.દ.ઓ. જૈન મહીલા મંડળ - ભાંડુપ
તથા સ્નાત્ર મંડળ

ઝીણી કોતરણીઓ, અપ્સરાઓ, નેમ-રાજુલના લગ્ન મંડપની ચોરીનું નિરૂપણ, જગ-વિખ્યાત દેલવાડાના દેરાણી-જેઠાણીના ગોખલાની પ્રતિકૃતિ અહીં જોવા મળે છે. આ ઉપરાંત યક્ષિકાઓ અને બારીક કોતરણીવાળી દિવાલો પ્રત્યક્ષ જોઇએ ત્યારે જ તેના અદ્‌ભુત,અજોડ, બેનમૂન, સ્થાપત્ય સભર રચનાનો ખ્યાલ આવી શકે.

**૩. જખૌ :** પ્રાચીન ભારતના કચ્છનું, પુરાતન સમયમાં વેપાર-ઉદ્યોગમાં દરયાઈ સફર ખેડતા વેપારીઓ માટેનું આ ધીકતું-ધમધમતું બંદર હતું. અહીંયા વિ. સં. ૧૯૦૫ (ઈ.સ. ૧૮૪૯)ના મગસર સુદી પના શ્રી મુક્તિસાગરસૂરિના ઉપદેશથી શેઠ જીવરાજ તથા ભીમશી રતનશી આદિ ચાર ભાઈઓએ **શ્રી મહાવીરસ્વામીનું જિનાલય** બંધાવી પ્રતિષ્ઠા કરાવેલી. મૂળનાયકની મનોહર પ્રતિમાજી ભક્તોના દિલને પ્રસન્નતાથી સભર બનાવી દે છે.

વિ.સં. ૧૯૬૭ (ઇ.સ. ૧૯૧૧)માં શેઠશ્રી ગોવિંદજી કાનજીએ ચૌમુખજી જિનાલય બંધાવ્યું હતું. આમ ફુલ નવ જિનાલયનો ઝૂમખો અતિ વિશાળ પ્રતિમાજી પરિવાર ધરાવે છે. જીવરાજ શેઠના પિતાશ્રીના નામ પરથી તે રત્નટૂંક તરીકે પ્રસિદ્ધ છે. નવેય ટૂંકમાં કલાકારીગરી ઘણી સુંદર છે. પ્રાચીન શિલ્પ સ્થાપત્યની કોતરણી અદ્‌ભુત, સુંદર અને પ્રેક્ષણીય છે.

**૪. નલીયા :** જ્ઞાતિશિરોમણી શેઠ શ્રી નરસી નાથાએ શ્રી ચંદ્રપભુસ્વામીનું અતિ મનોહર જિનાલય બંધાવી વિ.સં. ૧૮૯૭ (ઇ.સ. ૧૮૪૧)ના મહા સુદ પને બુધવારના પ્રતિષ્ઠા કરાવેલી. તે પછી શેઠ શ્રી હરભમ નરસી નાથાએ શ્રી અષ્ટાપદજીનું ભવ્ય જિનાલય બંધાવેલ છે. આ જિનાલયની શિલ્પકળા પણ અદ્‌ભુત છે.

આ જિનાલયને પણ સોળ વિશાળ શિખરો અને ચૌદ રંગમંડપ છે. આ કલાત્મક મંદિર સંકુલ તેના પથ્થરની સુવર્ણકલા માટે વિશિષ્ટતા ધરાવે છે. તે વીરવસહી તરીકે પણ પ્રસિદ્ધ છે. શેઠશ્રી નરસી નાથાએ સમાજોઉયોગી, શાસનોપયોગી ઘણાં કાર્યો કર્યાં છે જેની શુભ યાદગીરી નિમિત્તે આ દેરાસરના ચોકને શેઠશ્રી નરસી નાથા ચોક તરીકે ઓળખાણ પ્રાપ્ત થઈ છે. આ જિનાલયના દર્શન કરીને ભક્તજનો સંતોષની લાગણી અનુભવે છે.

**૫. તેરા :** વિ.સં. ૧૯૧૫ (ઈ.સ. ૧૮૫૯)માં શેઠશ્રી હીરજી ડોસા તથા શેઠ શ્રી પાશ્વીર રાયમલે ત્રિશિખરયુક્ત **શ્રી જીરાવલા પાર્શ્વનાથ** ભગવાનનું ભવ્ય જિનાલય બંધાવી શ્રી સંઘને અર્પણ કરેલ છે. ઉપરાંત વિ.સં. ૧૮૭૮ (ઈ.સ. ૧૮૨૫)માં શ્રી પુનિતશેખર યતિ શ્રી દ્વારા બંધાયેલ શ્રી શામળા પાર્શ્વનાથનું મનોહર, અતિ સુંદર જિનાલય છે. જે જિનબિંબ સમ્રાટ સંપ્રતિ રાજાના વખતનું હોવાનું મનાય છે.

અહીંયા રહેવાની આધુનિક સગવડોવાળી સુંદર ધર્મશાળા છે. પાંજરાપોળ પણ છે. આમ ભદ્રેશ્વર-કચ્છની પંચતીર્થીના છ તીર્થો ખૂબ જ સુંદર-ભવ્ય-દર્શનીય છે.

આ ઉપરાંત સુથરીથી માંડવી જતાં રસ્તામાં દેઢિયા, ગામે ગુણ પાર્શ્વનાથનું મીની સમેતશિખર દેરાસરજી પણ દેર્શનીય છે. નેમનાથ ભગવાન મૂળનાયક છે. ગુફામાં દેરાસર છે. પદ્માવતીદેવીનું સુંદર મંદિર છે. દેઢિયાથી આગળ જતાં જગતજનની આદ્યશક્તિ **મા અંબાજી મંદિર-ગોધરા** આવે. અહીંથી ૭ કિ.મી. દૂર ડોણ નામનું ભવ્ય-સુંદર-દર્શનીય જિનાલય આવે છે. જ્યાં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ બિરાજે છે.

અહીંયા બીજી પણ નાની પંચતીર્થી છે. **બોંતેર જિનાલય, બિદડા, નાની ખાખર, મોટી ખાખર તથા ભુજપુર**. અહીંયા પાંચેય જગ્યાએ અનુક્રમે **આદેશ્વર દાદા, આદેશ્વર દાદા, ચિંતામણિ પાર્શ્વનાથ આદેશ્વર દાદા, ચિંતામણિ પાર્શ્વનાથ** મૂળનાયક તરીકે બિરાજે છે. ડોણનું દેરાસર હમણાં જ થોડા સમય પહેલાં સવા કરોડનો ખર્ચ કરી જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. કાચની અંદર સોનાનો ઢોળ પાઈને તૈયાર કરેલ કોતરણીવાળી લાદી, ભીંતો, છત વગેરે જાણે દેવવિમાનનો આભાસ કરાવે છે. સુંદર લીઈટો એવી રીતે ગોઠવાઈ છે કે તેના પ્રકાશમાં જાણે આપણે સ્વર્ગલોકમાં હોઈએ તેવી અનુભૂતિ થાય છે.

તીર્થદર્શન બાદ બાળકોને ફરવા લઈ જવા હોય તો **માંડવીમાં** સુંદર, સ્વચ્છ, નિર્મળ, રમણીય બીચ, આવેલો છે. કચ્છમાં રાષ્ટ્રીય પક્ષી મોર ઘણી મોટી સંખ્યામાં જોવા મળે છે.


**સર્વે ભાઈ બહેનોને રાજુ ઢોલીના પર્વ પર્યુષણના મિચ્છામિ દુક્કડમ્**

રાજુ ઢોલી : 09833004496 ઘર : 022-25662750
મો.: 09892581010



**રાજુ ઢોલી**



**રાજેન્દ્ર પીતાંબર ડાઘા** (વરાડીયાવાલા)

**ઢોલ-શરણાઈ માટે તથા દાંડીયારાસ, લગ્ન, સામૈયુ, લગ્નગીત, નવરાત્ર તથા ગરબા, સાંજી, ભાવનાં તથા પ્રાર્થના માટે મળો.**

**ક.દ.ઓ. જૈન જ્ઞાતિની રાજુ ઢોલી ને**

**નિવાસ :** એ/૨૨, પ્રેમા નિવાસ, શાસ્ત્રી નગર, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**કાયમી જાહેરાતકારો વતી મિચ્છામિ દુક્કડમ્**

- ચિમન મોતા - તન મન ટુર્સ
- નરશી જેઠાભાઈ દંડ પરિવાર
- યુ. કે. ખીમજી એન્ડ કું
- લગ્નદીપ
- આયરીસ બેક્વેટ એસી હૉલ
- જ્યોતિ સારીઝ
- અવસર સારીઝ

ક્ષમાપના
જૈન ધર્મનો સાર...
જીવનને હળવું
અને ઉર્ધ્વગામી
બનાવતો વિચાર...
શાને રાખવો
દુષ્કર્મોનો ભાર....
- મિચ્છામિ દુક્કડમ

## અનંતનાથ દાદાની ૧૮૩મી ધજાપ્રસંગે યાદગાર પંચાન્હિકા મહોત્સવ

અનંતનાથ દાદાની ૧૮૩મી ધ્વજા પ્રસંગે તા. ૭-૮-૨૦૧૬ થી તા. ૧૧-૮-૨૦૧૬ સુધી પંચાન્હિકા મહોત્સવ ઉજવાયો હતો.

શ્રાવણ સુદ-૫, તા. ૭-૮-૨૦૧૬ રવિવારે સવારના ''જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથા''ની યશોગાથા પંડિત પારસભાઈએ સંગીતના સથવારે ખુબજ સુંદર રીતે વર્ણન કરી આખા પ્રસંગને યાદગાર બનાવેલ.

સાંજના ''કુમારપાળ રાજાની મહાઆરતી'' યોજાયેલ જેનો લાભ શેઠ શ્રી કાનજી હંસરાજ લોડાયા પરિવારે લીધેલ. સંગીતના સથવારે પરિવારજનો સાથે આરતી ઉતારેલ.

શ્રાવણ સુદ ૬ તા. ૮-૮-૨૦૧૬ના સવારે ''શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા'' અનંતજિન સ્નાત્ર મંડળની બહેનોએ ભણાવેલ.

સાંજના અચલગચ્છની અધિષ્ઠાયીકા દેવી ''મહાકાળી માતાની'' ભાવના ભાંડુપ મિત્ર મંડળે સંગીતના સથવારે યતિવર્ય મોતીસાગર મ.સા.ની નિશ્રામાં ભણાવી.

શ્રાવણ સુદ ૭ તા. ૯-૮-૨૦૧૬ના સવારે યુગપ્રધાન ''દાદાશ્રી આર્યરક્ષિત સૂરીજી મ.સા.નું ગુણાનુવાદ તથા ''લક બાય ચાન્સ'' પ્રશ્નોતરી રાખવામાં આવેલ. સારી સંખ્યામાં સહુ કોઈએ લાભ લીધેલ.

રાતના અનંતજિન સ્નાત્ર મંડળની બહેનોએ ભાવના ભણાવેલ.

શ્રાવણ સુદ ૮ તા. ૧૦-૮-૨૦૧૬ના સવારે યતિવર્ય મોતીસાગર મ.સા. અને ચાર્તુમાસ આરાધનાર્થે પધારેલ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં ''અઢાર અભિષેક'' રાખવામાં આવેલ. ૨૧ દેરીઓના તેમજ દેવીઓના કાયમી દાતા પરિવાર તેમજ વિવિધ ચડાવાઓના લાભાર્થી પરિવારે લાભ લીધેલ. રાતના ભાવના ભણાવવામાં આવેલ.

શ્રાવણ સુદ ૯ તા. ૧૧-૮-૨૦૧૬ના સવારે વિવિધ પાટલા પૂજન સાથે યતિવર્ય મોતીસાગર મ.સા. તેમજ ચાર્તુમાસ આરાધનાર્થે પધારેલ પ.પૂ. સૌમ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ. કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં વાજતે ગાજતે દાદાની ૧૮૩મી ધજા પ્રસંગ જોરદાર રીતે ઉજવાયો.

૨૧ દેરીઓના દાતાઓ, તેમજ દેવીઓના કાયમી દાતાએ અને ચડાવાના દાતા પરિવારે આખા પ્રસંગને યાદગાર બનાવેલ. ધજારોહણ બાદ ''નાતજમણ'' રાખવામાં આવેલ.

રાતના સંગીતના સથવારે ભાવના ભણાવવામાં આવેલ. આખા મહોત્સવ દરમ્યાન સંપૂર્ણ દેરાસરને ફુલો અને લાઈટથી શણગારવામાં આવેલ.

ધજા મહોત્સવના દિવસે મુંબઈ મહાજનની સામાન્ય સભામાં પર્યુષણ પર્વ દરમ્યાન કલ્પસુત્ર (પોથી) ઘેર પધારવાનો લાભ માતુશ્રી રાજબાઈ કેશવજી વેલજી મોમાયા પરિવારને ૧૪૪૧૪ મણમાં આપવામાં આવેલ.

### અનંતનાથ જિનાલયે ભક્તામર મહાપુજન

અનંતનાથ જિનાલયે ભક્તામર મહાપુજન શ્રાવણ વદ ૪ તા. ૨૧-૮-૨૦૧૬ના સવારના પ.પૂ. સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં રાખવામાં આવેલ. ૪૪ ગાથાના આ પૂજનમાં સૌને બે-બે ગાથાનો લાભ આપવામાં આવેલ. પૂજા બાદ સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

હાડકાનો કેમ્પ રવિવાર, તા. ૨૫-૦૯-૨૦૧૬ના સવારના ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૪-૦૯-૨૦૧૬ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૩.૩૦ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૫-૦૯-૨૦૧૬ના સવારના ૯.૩૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન

ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com


મૈત્રીભાવનું પવિત્ર ઝરણું સૌના દિલમાં વહ્યા કરે... શુભ થાઓ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે... સમસ્ત જીવોને તથા ખાસ અજાગૃતિને કારણે જે કોઈને મને વચને કાયાએ દુભાવ્યા હોય તે સર્વને **મિચ્છામિ દુક્કડમ્...**

**– ચીમન મોતા** *તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની

★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND

# બેડ નંબર-૧૧૦૬

**શ્વાસની માળા જો તૂટે, દેહમાંથી જીવ છૂટે,**
**હર સફરનો અંત નક્કી, આખરે પગલાઓ ખૂટે.**

પપ્પાની અવારનવારની માંદગીને કારણે હૉસ્પિટલને બહુ નજીકથી જોઈ છે. મંદિરની મુલાકાત કરતાં હૉસ્પિટલની વિઝિટ વધારે આવી છે. આ બીજી જગ્યાએ ઈશ્વર કદાચ આસાનીથી મળી શકે એવું જ્ઞાન એટેન્ડન્ટ તરીકે લાધ્યું છે. દરદીના બેડ મામૂલી રોગથી લઈને ઈમર્જન્સી સુધી વિસ્તરે. જાતજાતના દરદીઓ માટેનો આ વિસામો જિંદગીને પીઠથી ઓળખતો થઈ જાય.



બેડને ઉપર-નીચે કરવાનું હેન્ડલ દરદીને સાનુકૂળ સ્થિતિમાં તો મૂકે જ, પણ સાથે જિંદગીમાં આવતા ઉતાર-ચઢાવને પણ વ્યક્ત કરી જાણે. ઈન્જેક્શનની સોય ભોંકાય છે, પણ ભાવથી.

સલાઈન બૉટલમાંથી ટીપે ટીપે આશા લોહીમાં ભળતી હોય છે. બ્લડ લેવા માટે અનુભવી નર્સની નસ પકડવાની મથામણ જોઈને થાય કે અનુભવ કામ જરૂર લાગે, પણ દરેક કેસ આખરે તો નવો જ હોવાનો.

સ્વજનોને પણ હિચકિચાહટ થાય એ દૈનિક ક્રિયાઓ કરાવતાં વૉર્ડબૉય કે આયા ભલે પોતાની ફરજ નિભાવતાં હોય, પણ આ ફરજ સહેલી નથી. કોઈ પ્રકારનો મેડલ મળવાનો નથી, છતાં પ્રત્યેક દરદીની આંખમાં વંચાતું *થેન્ક યુ* એમના માટે મેડલ જ હોય છે. મૂંગા આશિષની કિંમત વ્યક્ત આશીર્વાદ કરતાં વિશેષ હોવાની. હોઠને કદાચ શબ્દો ન જડે, પણ આંખ પાસે ભાવનો અભાવ ક્યારેય નથી હોતો.

અકળામણ થાય છતાં સતત પહેરી રાખવામાં આવતો ઑક્સિજન માસ્ક પ્રાણ પૂરે છે. યુરિન પાસ કરાવવાની કેથેટ્રલ ટ્યુબ ચુપચાપ દિવસ-રાત કામ કર્યા કરે છે. કોઈ પણ જાતના ભેદભાવ વિના ડાયાલિસિસ મશીન લોહી શુધ્ધ કરવાનું કામ કરે છે. એના માટે દરદી જગદીશ કે જાવેદ નહીં, પણ એક માણસ હોય છે. દરદીના ગાલ પર હેતથી હળવીફૂલ ચીમટી ભરતી કુંવારી નર્સ માતૃત્વનો ટહુકો કરતી જાય ત્યારે કોયલ પણ પોતાના ટહુકાને વિરામ આપવાનું પસંદ કરે છે.

ડૉક્ટરનું સ્ટેથોસ્કૉપ ધબકારાના વિશ્વને આત્મસાત્ કરે. બ્લડ પ્રેશરનું મશીન પ્રેશર માપવાની સાથે પરિસ્થિતિ પણ માપી લે. સુગર ચેક કરવાની સ્ટ્રિપમાં લોહીના ટીપાની સાથે થડકો પણ ચેક થઈ જતો હોય છે. ઑક્સિમીટર લોહીમાં ઑક્સિજનનું લેવલ દર્શાવે છે. આ લેવલ ૯૦ની નીચે ન જાય અને ૮૦ની નીચે તો ભૂલેચૂકે ન જાય એ માટે સ્ક્રીન સ્વયં પ્રાર્થના કરતી હોય.

વૉકર દરદીને એવો વિશ્વાસ આપે, જે ખભા પર મુકાતા હાથથી પણ વધારે ઉપયોગી નીવડે. એનાં પૈડાં પરવશતાનું રૂપાંતર પ્રતીતિમાં કરે છે. તમે ગમે એટલા મોટા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હો કે હિસાબનીશ હો, *હું હજી ચાલી તો શકું છું* એ પ્રતીતિની કિંમત તમે ક્યારેય નહીં આંકી શકો. કમરપટ્ટાને ખબર છે કે કમર ક્યાંય ભાગી નથી જવાની, છતાં એ ત્રાસી ન જાય એ માટે ભીંસ આપીને ટીસ ઓછી કરવાનું કર્તવ્ય નિભાવે છે.

ક્રિટિકલ સ્થિતિમાં દરદીને જિવાડવા આઈસીયુ બિચારું મરી પડે. જો કે આઈસીયુમાં દાખલ થયેલા દરદી કરતાં એના સ્વજનની હાલત વધુ કફોડી થાય. ગમે ત્યારે કૉલ આવે ત્યારે એક ધ્રાસકો તૈયાર જ હોય.

જેમ મમત્વ હોય, સમત્વ હોય, સ્વત્વ હોય એમ હૉસ્પિટલત્વ હોય છે. બેડ નંબર-૧૧૦૬ પપ્પાની એક્ઝિટનો સાક્ષી રહ્યો છે. એ ક્યારેય નહીં ભુલાય.... અને પપ્પા પણ!

**(પલક) હિતેન આનંદપરા**

*મા ગઈ એ પછી નથી આવતી*
*હાલરડા જેવી મીઠી દરિયા સમી ઊંડી ઊંઘ....*

# સાઈન લૅન્ગવેજ (સાંકેતિક ભાષા)



એક યુવક અને યુવતી કૉલેજના છેલ્લા વરસમાં એક જ વર્ગમાં અભ્યાસ કરતાં હતાં. વરસોથી મિત્ર એ બંને જણા હવે એકબીજાને પ્રેમ કરવા લાગ્યાં હતાં. ધીરેધીરે ગાઢ બનેલી મૈત્રીના પરિણામમાંથી નીપજેલ એ પ્રેમ હતો. એકબીજાને બરાબર જાણ્યા પછીનો એ પ્રેમ હતો. એમાં ફક્ત દિવાસ્વપ્નો નહોતાં, પણ ભવિષ્યની જિંદગી પસાર કરવા અંગેનાં વાસ્તવિક અને નક્કર સત્યોનો સમાવેશ થયેલો હતો. યુવતીનાં માતાપિતા ખૂબ જ અમીર હતાં. જ્યારે છોકરો ખૂબ જ ગરીબ. હંમેશાં બનતું આવ્યું છે તેમ યુવતીનાં માતાપિતાએ ખૂબ જ વિરોધ કર્યો. સાચા પ્રેમી એવા એ બંને આ પ્રચંડ વિરોધ સામે રીતસર ઝઝૂમ્યાં અને જીત્યાં પણ ખરાં. યુવતીનાં માતાપિતાએ હા પાડી. બંનેનું વેવિશાળ થઈ ગયું. એકબીજાનો સાથ નિભાવવાના વચન સાથે એમનો વેવિશાળ પ્રસંગ પાર પડ્યો તે દિવસે એ બંનેને જાણે જગત જીતી લીધું હોય તેવો આનંદ થયો.

બીજા જ અઠવાડિયે યુવકને પરદેશ આગળ ભણવા માટે જવાનું થયું. વિદાયની ક્ષણે બંને એકબીજાને ભેટીને ખૂબ જ રડ્યાં. કાગળ લખવાના અને ફોન કરતા રહેવાના વચન સાથે બંને છૂટાં પડ્યાં. આંખોમાં આંસુ વચ્ચેથી વિમાન તો નહોતું દેખાતું છતાં ક્યાંય સુધી એને વિદાય આપવા આવેલી યુવતીએ આકાશ તરફ આવજો કર્યાં જ કર્યું.

યુવક પરદેશ જઈને પોતાના અભ્યાસમાં લાગી ગયો. યુવતીએ પણ પોતાના શ્રીમંત પિતાની ઓફિસમાં થોડું થોડું ધ્યાન આપવાનું શરૂ કર્યું. એક દિવસ સાંજે ઘરે પાછા ફરતી વખતે તે યુવતીની કારને અકસ્માત નડ્યો. ઘરની નજીકના જ વળાંક પાસે એની કાર બે-ત્રણ ગડથોલિયાં ખાઈ ગઈ. એ યુવતી બેભાન બની ગઈ. જાગી ત્યારે કોઈ હોસ્પિટલના બિછાને સગાંવહાલાંઓ વચ્ચે ઘેરાઈને પડી હતી. બધાની આંખોમાં આંસુ જોઈને પોતે ગંભીર રીતે ઘવાઈ છે એની એને ખાતરી થઈ ગઈ. પોતાની મમ્મીને ધ્રુસકે ધ્રુસકે રડતી જોઈને એ એને સાંત્વન આપવા ગઈ. પણ એના હોઠનો માત્ર ફફડાટ થઈને રહી ગયો. એમાંથી શબ્દો ન નીકળી શક્યા. એ જ સમયે એને એ પણ ખ્યાલ આવ્યો કે એ એની મમ્મીને રોતાં જોઈ શકતી હતી, પણ એનો અવાજ નહોતી સાંભળી શકતી. એને ખાતરી થઈ ગઈ કે એ મૂંગી અને બહેરી થઈ હતી. એ યુવતી આ વરવી વાસ્તવિકતાથી બિલકુલ ભાંગી પડી. દવાખાનેથી ઘરે પાછા ફર્યા પછી દિવસ-રાત રડવા સિવાય એ બીજું કંઈ પણ ન કરતી. આ સમયગાળા દરમિયાન પેલા યુવકે વારંવાર ફોન કર્યા. ઢગલાબંધ પત્રો લખ્યા, પણ કોઈએ એને કંઈ પણ જણાવ્યું નહીં. બસ, યુવક કાગળ પર ઢોળેલ હૃદયોર્મિઓને એ યુવતી પોતાના રૂમમાં

*પગ મળ્યા છે ચાલતો રે, હાથ છે તો દાન દે,*
*માગતો જા આંખથી બસ વાર જેવું કૈં નથી.*

પડી પડી આંસુથી ધોયા કરતી. દિવસમાં સેંકડો વખત એ એનો કાગળ વાંચતી પણ જવાબ ન લખતી. પોતે બહેરી અને મૂંગી થઈ છે અને પોતાની જિંદગી બરબાદ થઈ ગઈ છે, હવે પેલા યુવકનું જીવન પણ શું કામ બગાડવું એવું જ એ વિચાર્યા કરતી. થોડા દિવસ સુધી પોતાના નિર્ણય અંગે વિચાર કર્યા પછી એણે એને અમલમાં મૂકી જ દીધો. યુવકને આ અંગેનો કાગળ લખી નાખ્યો અને વેવિશાળની વીંટી પણ પાછી મોકલી દીધી. પોતે એના પાછા આવવાની રાહ જોઈને કંટાળી ગઈ છે એટલે સંબંધ તોડી નાખે છે એવું લખી નાખ્યું. યુવકે એ સિવાય બીજું કંઈ કારણ છે કે કેમ એ જાણવા ઢગલો પત્રો લખ્યા અને ઘણાં બધા ફોન કર્યા, પણ એ યુવતી કે એના સગા કોઈએ પણ જવાબ ન આપ્યો.

પોતાની દીકરીને દિવસ-રાત લોહીના આંસુએ રડતી જોઈને એનાં માતાપિતાએ રહેવાનું સ્થળ બદલી નાખવાના સંકલ્પથી બીજા શહેરમાં ઘર લઈ લીધું. કદાચ વાતાવરણ બદલાય તો પોતાની દીકરી આઘાતમાંથી બહાર આવે એવી એમની ધારણા હતી.

યોગાનુયોગ એ નવા શહેરમાં પેલી યુવતીને સાઈન લેન્ગવેજ (સાંકેતિક ભાષા) શીખવાનો મોકો મળી ગયો. આ ભાષામાં હાથ-મોંના ઈશારાઓ વડે બહેરાં-મૂંગાં લોકો વાતચીત કરી શકે છે. પોતાના પ્રેમીને સાવ ભૂલી જવાના ઈરાદા સાથે એણે પોતાની જાતને આ ભાષા શીખવાના કામમાં રીતસર ડુબાડી જ દીધી.

એક દિવસ જૂના શહેરમાં રહેતી એ યુવતીની બહેનપણીએ આવીને જણાવ્યું કે પેલો યુવક પરદેશથી ભણીને આવી ગયો છે અને એ લોકો ક્યાં જતાં રહ્યાં એની પૂછપરછ કરે છે. મૂંગી-બહેરી બની ગયેલી યુવતીએ પોતાના અંગે કંઈ પણ કહેવાની ના પાડી. રડતાં રડતાં પોતાની બહેનપણીને વિદાય કરી. એ દિવસે વરસોથી જેના પર ભીંગડું વળી ગયેલું એવો એનો જખમ ફરીથી ઉતરડાઈ ગયો હોય એવું એને લાગ્યું. એ ખૂબ જ રડી. એકાદ વરસ એમ જ પસાર થઈ ગયું. પેલા યુવક તરફથી કે એ યુવતીની બહેનપણી તરફથી કોઈ જ સમાચાર આ દરમિયાન એને મળ્યા નહોતા.

બરાબર એક વરસ પછી એક રવિવારની સવારે એ યુવતીની બહેનપણી અચાનક આવી પહોંચી. એના હાથમાં આમંત્રણનું કાર્ડ હતું. પેલા યુવકનાં લગ્નનું એ કાર્ડ હતું. કાર્ડના કવર પર 'મંગલ પ્રણય' અને સાથે પેલા યુવકનું નામ જોઈને એની આંખમાં પાણી આવી ગયાં. સમયે એની ક્રૂર થપાટ ન મારી હોત તો આજે એ પોતાના લગ્નની કંકોતરી જ હોત ને ? એવું વિચારતાં એણે પરબીડિયું ખોલ્યું. કન્યાનું નામ વાંચતાં જ એનાં બધાં જ બંધન તૂટી ગયાં. એનાથી ધ્રુસકો નંખાઈ ગયો. આંખમાંથી આંસુની ધાર વહી નીકળી, પણ એના ચહેરા પર આ વખતે દુ:ખની રેખાઓ નહોતી. કન્યાના નામની જગ્યાએ એનું પોતાનું નામ લખેલું હતું !

અકલ્પનીય એવી ઘટનાથી એ ચકિત થઈ ગઈ. એણે પોતાની બહેનપણી તરફ જોવા માથું ઊંચું કર્યું. જોયું તો પેલો યુવક એની બહેનપણીની પાછળ જ ઊભો હતો ! યુવતી સાથે નજર મળતાં જ એણે સાઈન લૅંગ્વેજના ઈશારાથી પૂછ્યું, 'કેમ છો ?'

આંસુની ધારા વચ્ચે યુવતીએ પણ ઈશારાથી જવાબ આપ્યો, 'તું કેમ છે ? ક્યાં હતો આ એક વર્ષ ?'

**(અનુસંધાન પાના નં. ૨૧ ઉપર)**

*રવનીરવ સાથે રહીને એકબીજા ઓગળે,*
*ઓળખે તો સ્વર્ગ લાગે દ્વાર જેવું કૈં નથી.*
*- તથાગત પટેલ*

# ખૂબ લડી મર્દાની વોહ તો ઝાંસીવાલી રાની થી...



'ઈલેસ્ટ્રેટેડ વીકલી' નામના એક સાપ્તાહિકમાં નેન્સી અડાજણિયા નામની અંગ્રેજી પત્રકારે, જે હજી તો ખાનગીમાં એમ.એ. ભણે છે, શિવાજી અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ વિશે અત્યંત અઘટિત અને હલકુંફૂલ લખી નાખ્યું. એ વિષે અસ્વસ્થ ન થવું જોઈએ, કારણ કે અંગ્રેજી છાપાંઓમાં લખાતી એક આખી નવી કોન્વેન્ટિયા પત્રકારપેઢી બાબરીધ્વંસ પછી લગભગ નમકદ્રોહી બની ચૂકી છે. બીજી તરફ દિલ્હીમાં 'ઈન્ડિયા ટુડે'માં રામજન્મસ્થાન પર શું વિકલ્પી સર્જનો થઈ શકે એવી એ પત્રે જ શરૂ કરેલી બદદાનતી લેખમાળામાં એક એવું પણ સૂચન એ પાક્ષિકે છાપ્યું છે કે ત્યાં એક મુતરડી ખોલવી જોઈએ. આ બન્ને અંગ્રેજી પત્રોના તંત્રીઓ તરત જ માફીપત્રો લઈને હાજર થઈ ગયા. સૉરી, માફ કરો, ભૂલ થઈ ગઈ. આવો અમારો આશય ન હતો! ૧૯૯૩ના એપ્રિલ માસમાં હિંદુસ્તાનમાં અંગ્રેજી પત્રો અને અંગ્રેજી પત્રકારોની બેશરમ બેઈમાનીનાં આ માત્ર બે જ અને લગભગ એક જ સમયે બનેલાં પ્રમાણો છે.

હિંદુસ્તાનની પ્રજાના દિમાગમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું એક યશચિત્ર છે, હાથમાં તલવાર લઈને સિંહાસન પરથી ઊભી થતી એક જવાન વિધવા સ્ત્રીનું, જે ઘેરાઈ રહેલી બ્રિટિશ સલ્તનતની સામે આહ્‌વાન ફેંકે છેઃ મેરી ઝાંસી નહીં દૂંગી! એક પછી એક, આ હિંદુસ્તાનમાં પેઢીઓ ઉપર પેઢીઓ સુભદ્રાકુમારી ચૌહાણની એ અમર કવિતા ગાતી રહી છે : બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી/ ખૂબ લડી મર્દાની વોહ તો ઝાંસીવાલી રાની થી....! કોણ હતી એ ઝાંસીવાલી રાની? સર હ્યુજ રોઝ, જે બ્રિટિશ સેનાનો સર્વોચ્ચ સેનાપતિ હતો, જેને દુનિયાભરનાં સમરાંગણોનો અનુભવ હતો, જેની સામે લક્ષ્મીબાઈ જીવનભર લડી હતી, એ સર હ્યુજ રોઝે લખ્યું... ''બળવાખોરોમાં શ્રેષ્ઠ અને સૌથી વીર લશ્કરી નેતા આ હતી...!'' ૧૮૫૭ના વિપ્લાવકોમાં લક્ષ્મીબાઈ એક જ એવી નેતા હતી જેનું મૃત્યુ રણભૂમિ પર લડતાં લડતાં થયું હતું. ફાંસીના તખ્તા પર ચડવા કરતાં આ ધરતી પર વીરગતિ પ્રાપ્ત કરવામાં એણે પોતાનો ધર્મ સમજ્યો. જાઓ રાની યાદ રખેંગે કૃતજ્ઞ ભારતવાસી/તેરા યહ બલિદાન જગાવેગા સ્વતંત્રતા અવિનાશી...! લક્ષ્મીબાઈ અવસાન પામી ત્યારે એની ઉંમર કેટલી હતી? ૨૩ વર્ષ! સુભદ્રાકુમારી ચૌહાણે સાત સાત લીટીઓવાળી અઢાર કડીઓનું ૧૨૬ લીટીઓનું ગીત લખીને ઝાંસીની રાણીને અમર કરી દીધી છે. હો મદમાતી વિજય, મિટા દે ગોલોં સે ચાહે ઝાંસી/ તેરા સ્મારક તૂ હી હોગી, તૂ ખુદ અમિટ નિશાની થી....!

૨૩ વર્ષમાં જીવન સમાપ્ત કરી નાખનાર

*વહેતો અસ્થિકુંભ લઈ ગયો જાણે*
*મારી હયાતીનોય કોઈક અંશ....*

લક્ષ્મીબાઈની કારકિર્દી અત્યંત ટૂંકી છે. જૂન ૧૮૫૭ માં ઝાંસીમાં સિપાઈઓએ બળવો કર્યો અને એમાં રાણીનો કોઈ હાથ ન હતો પણ પાછળથી અંગ્રેજ ઈતિહાસકારો અને રિપોર્ટરોએ એવું ઠસાવી દીધું કે રાણીએ સિપાઈઓને ઉકસાવ્યા હતા અને અંગ્રેજો એન્ડ્રુઝ, સ્કોટ અને બે પર્સેલ બાંધુઓને સલામતીની ગેરન્ટી આપીને મરાવી નાખ્યા હતા. વાસ્તવમાં આવી ગેરન્ટી રિસાલદાર ફૈઝ અલીએ આપી હતી (અંગ્રેજ પિંકનેનો રિપોર્ટ) અને જે કતલ થઈ એની રાણીને ખબર પણ ન હતી. રાણી દોષી હોય એવો કોઈ ઉલ્લેખ તત્કાલીન રિપોર્ટમાં નથી. જનતામાં એક નારો પ્રચલિત થઈ ચૂક્યો હતો. ખલ્ક ખુદા કા, મુલ્ક બાદશાહ કા, રાજ રાણી લક્ષ્મીબાઈ કા! જૂન ૧૧મીએ ઝાંસીના બાગી ફૌજીઓ દિલ્હી જવા રવાના થયા. એ સમયનાં પુષ્કળ માહિતીસૂત્રોમાં એક ખાનગી પત્ર લોર્ડ કેનિંગે ફેબ્રુઆરી ૧૧, ૧૮૫૮ને દિવસે હેમિલ્ટનને લખ્યો છે, એમાંથી એક અંશ અત્યંત સ્પષ્ટ છે .... એને (રાણીને) કોર્ટ-માર્શલ નહીં પણ આ માટે નિયુક્ત ખાસ કમિશનર પાસે સજા કરાવવાની છે... એ આવે એ પહેલાં પ્રાથમિક ઈન્કવાયરી સમાપ્ત કરીને મુકદ્દમાનું નક્કી કરી લેવાનું છે. અહીં આવે ત્યારે એને એ શંકા ન રહેવી જોઈએ કે એની સામે મુકદ્દમો થશે કે નહીં....! ન્યાયપ્રિય અંગ્રેજ હાકેમોએ રાણી જીવતી પકડાય તો શું કરવું એ નક્કી કરી લીધું હતું.

રાણી લક્ષ્મીબાઈનું એક વીરાંગનાચિત્ર ઊભરે છે. રાણી જાન્યુઆરી ૧૮૫૮ સુધી અંગ્રેજોને પોતાની નિર્દોષતાની અપીલો કરતી રહે છે. માર્ચ ૧૮૫૮માં સર હ્યુજ રોઝ મધ્ય ભારતમાં પ્રતિઆક્રમણ કરે છે ત્યાં સુધી રાણી દ્વિધામાં છે. અંગ્રેજોને મનાવી શકાશે કે લડી લેવું પડશે. દાતિયા અને ઓરછાના ઠાકુરો ઝાંસી પર આક્રમણ કરે છે, રાણી ઝાંસીને બચાવતી રહે છે, આઠ મહિના સુધી અને માર્ચ ૧૮૫૮ સુધી આ ચાલે છે. અંતે એ ક્ષણ પાસે આવે છે, સર હ્યુઝ રોઝ મુંબઈથી બે બ્રિગેડો લઈને સિહોર અને મહૌ સુધી આવે છે, મદ્રાસથી વ્હીટલોક આગળ વધે છે, જબલપુર, બુંદેલખંડ, બન્ડા, રાણી તાતિયાસાહબ ટોપેને મદદ માટે સંદેશ મોકલે છે. એ વાર્તા ખૂનખાર છે, લરઝતી તરવાર જેવી ત્વરિત છે અને ડૂબતી સાંજ જેવી લાંબી છે. જહાં ખડી હૈ લક્ષ્મીબાઈ મર્દ બની મર્દાનો મેં/લેફ્ટિનન્ટ વોકર આ પહુંચા આગે બઢો જવાનોં મેં/રાનીને તલવાર ખિંચ લી હુઆ દ્વન્દ્વ અસમાનોં મેં/જખ્મી હોકર વોકર ભાગા ઉસે અજબ હૈરાની થી....

પોરસથી ઈન્દિરા ગાંધી સુધીની કક્ષાનાં હિંદુસ્તાનનાં શ્રેષ્ઠ મહાનામોની કતારમાં ગર્વોન્નત ઈતિહાસમાં સદાને માટે અમર થઈ જવાની ક્ષણો રાણી લક્ષ્મીબાઈ માટે પાસે આવી રહી હતી. રાણીની અદ્ભુત વ્યૂહરચના, ફરીથી ગ્વાલિયર પર કબજો. એક તરફ દુનિયાની રણભૂમિઓનો અનુભવી, હુકૂમતે-બ્રિટાનીઓનો સૌથી સક્ષમ કમાન્ડર સર હ્યુઝ રોઝ, બીજી તરફ પીઠ પર છોકરાને બાંધીને પુરુષવેશમાં ઘોડા પર ફક્ત ૨૩ વર્ષની છોકરી... આવું અસમાન યુદ્ધ હિંદુસ્તાનના ઈતિહાસે જોયું નથી. વિજય મિલી પર અંગ્રેજોં કી ફિર સેના ઘિર આયી થી/અબકે જનરલ સ્મિથ સંમુખ થા. ઉસને મુંહકી ખાઈ થી! મોઢામાં ઘોડાની લગામ, બે હાથથી બે ખડ્ગો વીંઝતી રાણી...

*એમ તો મારી આંખોમાં ચમકે છે માની આંખો,*
*મારા મગજમાં બેઠો છે નચિકેતા સ્થિતપ્રજ્ઞ ધ્યાનમુદ્રામાં*

આ ચિત્ર પંડિત સુંદરલાલનું છે. રાની બઢી, કાલપી આઈ, કર સૌ મીલ નિરંતર પાર/(સામે નાળું આવી ગયું) ઘોડા અડા, નયા ઘોડા થા, ઈતને મેં આ ગયે સવાર/રાની એક, શત્રુ બહુતેરે, હોને લગે વાર પર વાર/ઘાયલ હોકર ગિરી સિંહની, ઉસે વીરગતિ પાની થી...!

ફૂલબાગ પાસે નાળું હતું, ઘોડો પડી ગયો. એક અંગ્રેજ હુસાર આવ્યો, પુરુષવેશમાં સજ્જ ઘાયલ રાણી પર વાર કર્યો, રાણીને કાપી નાખી. આ મહાશ્વેતા ભટ્ટાચાર્યની ‘ઝાંસીર રાની’ની માહિતી છે. એ હુસાર સૈનિકને ખબર ન હતી કે આ રાણી લક્ષ્મીબાઈ હતી. સર રોબર્ટ હેમિલ્ટનના રિપોર્ટ પ્રમાણે : અંગ્રેજ બેટરીનો એક તોપગોળો રાણીની છાતીને ઘસાઈને ફાટ્યો ને રાણી વીરગતિ પામી. રાણીના એક સેવકના નિવેદન પ્રમાણે : ફૂલબાગ પાસે રાણી શર્બત પી રહી હતી. ૪૦/૫૦ અંગ્રેજ હૂસાર સૈનિકો ધસી આવ્યા. રાણીનો ઘોડો નાળું કૂદ્યો નહીં. રાણીના સૈનિકો અને અંગ્રેજ હૂસાર વચ્ચે છેલ્લો સંઘર્ષ થઈ ગયો. રાણીને એક ગોળી પડખામાં લાગી, એક જખમ માથા પર થયો, પણ રાણી ઘોડો કુદાવી ગઈ. ખૂબ લોહી વહી ગયું અને ઘાયલ રાણી ઘોડા પરથી પડી ગઈ, માતૃભૂમિની મિટ્ટીમાં પ્રાણ ત્યાગી દીધા. પાસે ઉદ્યાનમાં રાણીના શરીરનો અગ્નિસંસાર કરવામાં આવ્યો. મિલા તેજ સે તેજ, તેજ કી વહ સચ્ચી અધિકારી થી/દિખા ગઈ પથ, સિખા ગઈ, હમકો જો સીખ સિખાની થી...!

૨૩ વર્ષની જિંદગી. એક જ જિંદગી. ખૂબ લડી મર્દાની વોહ તો ઝાંસીવાલી રાની થી.... બુન્દેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી....

**ક્લોઝ અપ :**

એક દિવસ તો જિંદગી છોડવી જ પડશે. તો શા માટે બદનામ થઈને મરું ? જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ છે, તમારી (અંગ્રેજો) અને મારી વચ્ચે યુદ્ધ રહેશે. મને મારી નાખવામાં આવે કે કૈદ કરવામાં આવે કે ફાંસી મારવામાં આવે, પણ હું જે પણ કરીશ તરવારથી કરીશ.

- ૧૮૫૭ ના વિપ્લવી નાનાસાહેબ પેશવાના અંતિમ શબ્દો

- ચંદ્રકાંત બક્ષી (૧૯૯૩)

---

## સાઈન લૅન્ગવેજ (સાંકેતિક ભાષા)

**(અનુસંધાન પાના નં. ૧૮ થી ચાલુ)**

ઈશારાથી જ યુવકે જવાબ આપ્યો, ‘તને મળવા માટે આતુર હતો, પણ આ સાઈન લૅંગ્વેજ શીખતાં એક વરસ થયું ! તને મારે એવું જણાવવું હતું કે મોઢેથી બોલાતી ભાષા હોય કે ઈશારાની, પ્રેમની ભાષા તો એક જ હોય છે - દિલની ! હું તને ખૂબ જ ચાહું છું. અરે ગાંડી ! અવાજ જતો રહેવાથી કે કાન જતા રહેવાથી શરીર કદાચ પાંગળું થાય, કાંઈ પ્રેમ થોડો પાંગળો થઈ જાય છે ? તારો અવાજ હું બનીશ. તારા કાન પણ હું બનીશ, કારણ, હું તને ખરેખર ખૂબ જ ચાહું છું !’ આટલું કહીને એણે વેવિશાળની વીંટી ખિસ્સામાંથી કાઢી યુવતીની આંગળીમાં પહેરાવી દીધી. પછી બંને એકબીજાને ભેટીને ઢગલો થઈ ગયાં. યુવક, યુવતી અને એની બહેનપણી ત્રણેયની આંખમાંથી જાણે પ્રેમના પવિત્ર સ્પર્શથી દિવ્ય બનેલી અશ્રુધારા વહેતી હતી !

**(સંકલિત)**

*પણ હૈયું તો ઉપનિષદોમાં શોધ્યા કરે છે,*
*માના ખોળા જેવો એકાદ શબ્દ....*

*- યોગેશ જોષી*

# પુલનો રખેવાળ



પરદેશમાં એક મોટી નદી પર એક પુલ હતો. એના પર ટ્રેનના પાટા પાથરેલા હતા. એના પરથી પેસેન્જર ટ્રેન્સ તેમ જ માલગાડીઓની અવરજવર ચાલુ રહેતી. એ પુલની રચની એવી રીતે કરવામાં આવી હતી કે જ્યારે ટ્રેન પસાર થવાનો સમય થાય એટલે પુલ નદી પર ગોઠવાઈ જાય. બાકીના સમયે એ આડો થઈ અને કાંઠાને સમાંતર બની જાય જેથી કરીને નદીમાં ચાલતી હોડીઓ અને નાનાં વહાણો આસાનીથી ફરી શકે.

આપણે ત્યાં જેમ રેલવેના ફાટકવાળા ભાઈને રાખવામાં આવે છે તેવી જ રીતે આ પુલની દેખરેખ તેમ જ વ્યવસ્થા માટે એક સ્વિચમેનની નિમણુક કરવામાં આવી હતી. એ માણસ પુલના એક કાંઠા પર આવેલી પોતાની નાનકડી સરસ કેબિનમાં બેસીને ટ્રેનનાં આવવા-જવાના સમયે પુલને ફેરવતો અને એની નિશ્ચિત જગ્યાએ લોક કરતો. ટ્રેન પસાર થઈ જાય પછી ફરીથી એ પુલને ફેરવીને નદીને સમાંતર ગોઠવી દેતો.

એક સાંજની વાત છે. સ્વિચમેન પોતાની કેબિનમાં બેસીને છેલ્લી ટ્રેનના આવવાની રાહ જોતો હતો. એ ટ્રેન પસાર થઈ જાય તે પછી એની નોકરીનો સમય પૂરો થતો હતો. દૂરથી ટ્રેનની લાઈટ એણે જોઈ. બધાં મશીનો શરૂ કરી પુલને ફેરવવાની સ્વિચ પર હાથ રાખીને એ ઊભો રહ્યો. નિયત અંતરની અંદર ટ્રેન આવે પછી જ પુલ ફેરવવાનો નિયમ હતો જેથી નદીમાંથી પસાર થતું કોઈ છેલ્લું વહાણ પણ પુલ સાથે અથડાઈ ન પડે. નક્કી કરેલા અંતરની અંદર ટ્રેન આવી એટલે એણે પુલ ફેરવવાની સ્વિચ પાડી. પુલ ફરીને નદી પર આવી ગયો, ગોઠવાયો, પણ લૉક ન થઈ શક્યો ! સ્વિચમેનના ધબકારા વધી ગયા, કારણ કે જો પુલનો સામેનો છેડો બરાબર લૉક ન થાય - ફિટ ન થાય તો ટ્રેન અર્ધા પુલ પર પહોંચે ત્યાં જ એ હલવા માંડે અને આખી જ ટ્રેન વિશાળ અને ઊંડી નદીમાં ખાબકે. અને એમાંય સાંજની આ છેલ્લી ટ્રેનમાં તો એકાદ હજાર મુસાફરો હોવાની શક્યતા પણ હતી. કારણ કે આ છેલ્લી ટ્રેન પેસેન્જર ટ્રેન હતી. આટલા બધા મુસાફરો જો એકસાથે મૃત્યુ પામે તો તો હાહાકાર મચી જાય. આ વાતની કલ્પના માત્રથી જ એ માણસનાં રૂંવાડાં બેઠા થઈ ગયા. એને ધ્રુજારી છૂટી ગઈ આવો ભયંકર અકસ્માત અટકાવવા માટે હવે એક જ ઉપાય બાકી રહેતો હતો. પુલના સામા કાંઠે આ પુલને હાથથી લૉક કરી શકાય તેવું એક લીવર મૂકેલું હતું.

હાથથી જો એ લીવરને ફેરવીને લૉક કરાય તો પુલ ફિટ થઈ જાય એવી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલી. કેબિનનું બારણું ખુલ્લું મૂકીને એ માણસે દોટ મૂકી. પુલના સામા કાંઠે જઈને એણે લીવર ફેરવ્યું. પુલ બરાબર લૉક થઈ ગયો. એની પરના ટ્રેનના પાટા જમીન પરના પાટા સાથે બરાબર લૉક થઈ ગયો. એની પરના ટ્રેનના પાટા જમીન પરના પાટા સાથે બરાબર ભિડાઈ ગયા. હવે જ્યારે ટ્રેન પસાર થઈ રહી હોય ત્યારે આ લીવરને હાથ વડે જોરથી દબાવી રાખવું પડે તેમ હતું. જો એવું ન કરવામાં આવે તો એ ગમે ત્યારે છટકી જાય અને ટ્રેન ફેંકાઈ જાય. સ્વિચમેને પોતાના આખા શરીરનું વજન એ લીવરના હાથા પર નાખી દીધું. એક હજાર માણસની જિંદગી

*હારવું છે, જીતવું શું સાર જેવું કૈં નથી*
*જિંદગીને ચાલવા દે ભાર જેવું કૈં નથી.*

આજે રાત્રે આ એક માણસની તાકાત પર અવલંબિત હતી. ટ્રેન હવે ખૂબ જ નજીક આવી ગઈ હોય તેવું એના અવાજ પરથી લાગતું હતું.

એ જ વખતે ઠંડી રાત્રિના સન્નાટામાં પુલ પરથી એક નાના બાળકનો અવાજ આવ્યો, 'પપ્પા! ઓ પપ્પા! તમે ક્યાં છો ? તમે દોડતા દોડતા ક્યાં જતા રહ્યા હતા ? મારે તમારી પાસે આવવું છે. મને ત્યાં એકલા એકલા બીક લાગે છે!'

અવાજ સાંભળતાં જ એ માણસનું લોહી થીજી ગયું. એનું આખું શરીર જાણે કે સૂન થઈ ગયું. એનો ચાર વરસનો દીકરો જેને એ માણસ કેબિનમાં બેસાડીને આવેલો એ એને શોધતો શોધતો પુલ પર આવી પહોંચ્યો હતો. શનિવારની રાત્રે સ્વિચમેન કાયમ એના આ ચાર વરસના બાળકને છેલ્લી પસાર થતી ટ્રેન દેખાડવા પોતાની જોડે લાવતો. આજે પણ એ એનો લાવેલો, પણ લોકિંગ મિકેનિઝમ બગડતાં એ ઝડપથી ભાગેલો અને કેબિનનું બારણું બહારથી બંધ કરવાનું ભૂલી ગયેલો. નાનકડો બાળક સ્વાભાવિક રીતે જ પોતાના પિતાને શોધતો શોધતો અર્ધા પુલ સુધી આવી પહોંચ્યો હતો. હવે શું કરવું એની પેલા સ્વિચમેનને સમજ નહોતી પડતી. બાળકને જો દોડવાનું કહે તોપણ એનો કંઈ અર્થ નહોતો, કારણ કે ટ્રેન એટલી નજીક આવી ગઈ હતી કે ચાર વરસનો એ બાળક પુલ પર બિછાવેલા પાટા પરથી દોડીને પુલ પસાર કરી શકે એ અશક્ય જ હતું. સ્વિચમેન પોતે જો આ લીવર છોડી પોતાના દીકરાને સલામત જગ્યાએ ગોઠવવા દોડે તોપણ એ હવે પાછો આ લીવર સુધી આવી શકે તેવી કોઈ શકયતા જ નહોતી. પુલ પરથી આવી રહેલું સરસ મજાની સફેદ ટોપી અને લાલ શર્ટ પહેરેલું એનું બાળક અથવા તો ટ્રેન પરના એકાદ હજાર માણસ! એણે બેમાંથી એકની પસંદગી ફક્ત એક જ ક્ષણમાં કરવાની હતી. સ્વિચમેને એક ઊંડો શ્વાસ લીધો. પછી હતું તેટલું જોર લગાવી લૉકિંગ લીવર પર ઊંધો થઈ ગયો. આંસુથી છલકતી પોતાની આંખોનાં પોપચાંઓને સજ્જડ રીતે બંધ કરી લીધાં. બસ એ જ ક્ષણે એક હજાર માણસોથી ભરેલી પેસેન્જર ટ્રેન પુલ પરથી ધસમસતી પસાર થઈ ગઈ. બિલકુલ સહીસલામત રીતે. એ ટ્રેન પરના એક પણ મુસાફરને એ ખ્યાલ સુધ્ધાં નહોતો આવ્યો કે એમને બચાવીને સફેદ ટોપી અને લાલ શર્ટવાળો એક ચાર વરસનો જીવ અસંખ્ય નાના ટુકડાઓ બનીને નદીમાં વહી ગયો છે. કોઈ એ પણ નહોતું જાણતું કે ટ્રેન પસાર થઈ ગઈ હતી છતાં પેલો સ્વિચમેન ઘણી વાર સુધી શું કામ લૉકિંગ લીવરને વળગીને પડ્યો રહ્યો છે ? એ મુસાફરોમાંથી કોઈએ કદાચ કલ્પના પણ નહીં કરી હોય કે પુલના પાટા પરથી જડેલી સફેદ ટોપી પોતાના હાથમાં લઈને ધીમા અને ભારે પગલે પોતાના ઘરે જતાં એ માણસે પોતાની પત્નીને આ વાત કઈ રીતે કરી હશે ? પણ એક વાત ચોક્કસ હતી કે એની અદ્‌ભુત ફરજપરસ્તીના કારણે એક હજાર કુટુંબો આનંદ અને હાસ્ય સાથે એ રાત્રે સૂઈ શક્યાં હતાં. સ્વિચમેન અને એની પત્નીએ ધ્રુસકા ભરતાં અને આંસુ સારતાં સફેદ ટોપી પર વહાલથી હાત ફેરવતાં ફેરવતાં જ એ આખી રાત પસાર કરી હતી.

શું ઈશ્વર આ બાપનું જ સ્વરૂપ નથી ? કેટકેટલા અવતારો અને પયગંબરોનું બલિદાન આપીને એણે આપણે સુખરૂપ પસાર થઈ શકીએ એ માટે સ્વર્ગ તરફના પુલનું લીવર પકડી જ રાખ્યું છે ને ? જિંદગીની ગાડીમાં સડસડાટ પસાર થઈ જતાં આપણે ક્યારેય દિલથી આ યાદ પણ કરીએ છીએ ખરા ? એ બાપની વેદના સમજવાની ક્યારેય કોશિશ પણ કરીએ છીએ ખરા ?

*આજ તો છું, કાલનું શું ? કેટલાને છે ખબર ?*
*ત્યાં થવાનું થાય છે ઉપચાર જેવું કૈં નથી.*

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પુણે સખીવૃંદ

પુણે સખીવૃંદની બેઠક તા. ૬ ઓગસ્ટના હેતલ હેમલ મૈશેરીના ઘરે યોજાઈ હતી. એમણે ફોલ્ડર મેકિંગનો વિષય પસંદ કરેલ. ક્રમાઅનુસાર કાર્ડબોર્ડ અને કાગળની મદદથી ફોલ્ડર્સ કેમ બનાવવા એની વ્યવસ્થિત રીત દર્શાવી. પેપર કેનવાસ અને કાપડનો ઉપયોગ કરી ફોલ્ડર કેમ બનાવવું તેનું પ્રત્યક્ષીકરણ (ડેમો) કર્યું. તેમજ તેમને પ્લાસ્ટિક કેન ને કાપીને નાનું ફોલ્ડર કેમ બનાવવું, તેના પર મિક્સ મિડિયા કળાનું ઉપયોગ કરી સજાવટ કેમ કરવી તેનું કુનેહપૂર્વક સવિસ્તર પ્રત્યક્ષીકરણ કર્યું.

હેતલે મિક્સ મીડિયા માટે વપરાતી સામ્રગી, 'જેસો', 'ટેક્સચર પેસ્ટ' કેમ બનાવવું એ પણ સમજાવ્યું. સ્ટેન્સિલની મદદથી અત્યંત સુંદર એમ્બોસિંગ ફોલ્ડર ઉપર કરેલ. વિવિધ પ્રકારના કલરીંગ ટેક્નિક પણ બતાવેલ. તેમના ટેટ્રાપેક, કાર્ડબોર્ડ, પ્લાસ્ટિકના ડબ્બા, કાગળના બોક્સ તેમજ કાગળની થેલી જેવા વિવિધ માધ્યમો સાથે ખુબજ સુંદર ફોલ્ડર્સ બનાવવાની રીતની વિસ્તાર પૂર્વક માહિતી આપી.

હેતલે ફ્રેંડશીપ ડે ને લક્ષમાં રાખી હાથે બનાવેલ ફૂલ અને કાર્ડ થી સૌનું સ્વાગત કર્યું. મંડળ દ્વારા પણ ફ્રેંડશિપ ડે ની ઉજવણી થઈ.

વંદના ધરમશી દ્વારા કિચન કવિનના વિજેતા નીતાબેન દંડ અને હીનાબેન રતાણીને ભેટ અપાયેલ તેમજ બીજી શ્રેણી ને આગળ વધારતા ગેમ રમાડેલ.

## વિદ્યાર્થીઓને કોચીનમાં ખાદી યૂર્નિફોમનું વિતરણ

જૈન ફાઉન્ડેશન, મુકેશ માણેકજી લોડાયા (જૈન) દ્વારા તા. ૩-૮-૨૦૧૬ના અમરાવતી ગર્વમેન્ટ યુ.પી. સ્કૂલ, ફોર્ટ કોચીના વિદ્યાર્થીઓને બે શર્ટનું ૧૦૦% કોટન ખાદીનું વિતરણ સબ કલેક્ટર એસ. સુહાસ, IAS ના હસ્તે કરાવવામાં આવ્યું વિતરણ પ્રસંગે એન્વાયર- મેન્ટલીસ્ટ P.hd. ડૉ. પી.એમ. મુસ્તફા, એસીસટેન્ટ એજ્યુકેશન ઓફીસર તથા તહસીલદાર, સ્કૂલના પ્રિન્સિપલ તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. સર્વેનું ફળોના છોડ આપીને સ્વાગ કરાયું હતું.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુન્ડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૧૧-૯-૨૦૧૬ના રવિવારને રાતના ૮.૩૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલય મધે રાખવામાં આવેલ છે. જેનો લાભ માતુશ્રી માનબાઈ નેણશી વિકમશી પરિવાર - જખૌવાળાએ લીધેલ છે. ભાવનામાં રીધ્ધી સીધ્ધી મંડળ પધારશે. આવતા માસની ભાવના તા. ૨-૧૦-૨૦૧૬ના છે. જેનો લાભ માતુશ્રી દમયંતિબેન હંશરાજ દેવશી દંડ પરિવાર - સાંધવવાળાની છે.

## શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગામ - શેગાંવ

શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગામ - શેગાંવ મંચની મીટીંગ જુલાઈ મહિનાની સૌ. કુંજનબેન લોડાયાના અધ્યક્ષપદે લેવામાં આવી જેમાં નવી કાર્યકારીણી વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં થોડા ફેરફાર કરવામાં આવેલ છે. પ્રમુખ - સૌ. કુંજનબેન લોડાયા, ઉપપ્રમુખ - સૌ. પુષ્પાબેન દેવચંદ મોમાયા, સેક્રેટરી - સૌ. હેતલ રજનીરા નાગડા, કોષાધ્યક્ષ - સૌ. તેજલ હેમંત મોતા સલાહકાર સમિતીમાં સૌ. રશ્મીબેન દંડ અને શ્રીમતી પ્રવીણા દંડ ને રાખવામાં આવેલ.

એજ દિવસે શ્રીમતી ભારતીબેન ધીરેન્દ્ર લોડાયા એ 'પોતાની સંભાળ પોતાના જ હાથોમાં'' એ વિશે એક્યુપ્રેશર પોઈન્ટ શ્રી વિવિધ બીમારીઓમાં આપણે ફીટ રહી શકીએ એ વિશે સરસ સમજણ આપેલ એમનું આભાર પ્રદર્શન સૌ. તેજલ મોતાએ કરેલ.

અષાઢી બીજની ઉજવણી તીલક રાષ્ટ્રીય સ્કુલમાં અનાથ છોકરાઓને અન્ન મહાદાનથી કરવામાં આવી તેમ જ ક.દ.ઓ. સમસ્ત મહાજન સાથે ઉજવણી રૂપે દારાનો શીરાની સ્પર્ધા લેવામાં આવી જેમાં પ્રથમ સૌ. અમી વિકમશી અને દ્વિતીય સૌ. સોનમ વિકમશીને મળેલ. ભાગ લેનાર દરેક સ્પર્ધકને પ્રોત્સાહન ઈનામ મળેલ. નાના અને મોટા છોકરાઓ માટે રંગ ભરો સ્પર્ધા લેવામાં આવેલ તેમજ કચ્છી નુખ અને ઓળખની હાઉસી ગેમ રમાડેલ. માણસો માટે કચ્છી માતાઓના નામ લખવાનું પેપર લીધેલ સરપ્રાઈઝ ઈનામમાં સુંદર તૈયાર થઈને આવેલને પણ ઈનામ દેવામાં આવેલ. દરેક સ્પર્ધાના જજ સૌ હર્ષા મનોજ નાગડા, સૌ. તૃપ્તી લોડાયા, સૌ. પુષ્પાબેન મોમાયા અને પ્રીતી મોતા હતા. સૌ. નેહા વીનીત લોડાયાએ સુંદર કપલ અંતાક્ષરી વિવિધ રાઉન્ડમાં રમાડેલ જેમાં નણંદ, ભાભીની જોડી રૂપે સૌ. રીયા અમીત જેન અને ખુશબુ જૈનને ઈનામ મળેલ. ઉપરોક્ત દરેક કાર્યમાં સેક્રેટરી પ્રવીણા દંડ, હેતલ નાગડા, રશ્મી દંડ, તેજલ મોતા અને સોનમ વિકમશીનો સહકાર્ય મળેલ.

ઓગસ્ટ મહિનામાં છેલ્લા સાત વર્ષથી ચાલુ રહેલ જિનાલયની સાફ સફાઈ અને મૂર્તીઓની સફાઈમાં મંચના

**યુરોપ - બ્રિટનની ચેનલ પરના**
**પ.પૂ. જયદર્શિતાજીના પ્રવચન સાધના ચેનલ પર**

બ્રિટન અને યુરોપનું વિનસ ટી.વી. તા. ૨૯-૮-૨૦૧૬થી રોજ સવારના ૬.૩૦ વાગ્યે પ.પૂ. જયદર્શિતાશ્રીજીના પ્રવચનો પ્રસારિત કરી રહ્યું છે.

સાધના ટી.વી. ચેનલે તા. ૩૦-૮-૨૦૧૬થી ભારતમાં પણ એનું પ્રસારણ કરી રહેલ છે. સાધના ટી.વી. તાતા સ્કાય પર પ૨૮, ડીડીડાયરેક્ટ પર ૧૩૬, ડિશ ટી.વી. પર પ૬૮ નંબર પર ઉપલબ્ધ છે. અન્ય નેટવર્ક પર પણ તે ઉપલબ્ધ છે.

દરેક સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કર્મની નિર્જરા કરેલ.

**હૈદરાબાદ ક.દ.ઓ. યુવા સમિતિની પિકનિક**

હૈદરાબાદમાં ક.દ.ઓ. યુવા સમિતિ દ્વારા ૭-૮-૨૦૧૬ના યોજાયેલ સમર ગ્રીન રીસોર્ટની પિકનિકમાં ૧૩૦ જ્ઞાતિજનો સહભાગી થયા હતા.

ક.દ.ઓ. મહાજન હૈદરાબાદના સહકાર્યથી ક.દ.ઓ. યુવા સમિતિના આગેવાનો અને કાર્યકરોએ આખી પિકનિક યાદગાર બનાવી હતી.

**મહેંદી ક્ષેત્રે વીણાબેનની સતત આગેકૂચ**

જ્ઞાતિના મહેંદી ક્વીન વીણાબેને હાલમાં ધર્મા પ્રોડક્શનની બે મુવીમાં (૧) બદ્રીનાથ કી દુલ્હનીયા માં વીણાબન (આલ્યા ભટ્ટ)ને મેંહદી મૂકતા હોય તેવું દૃશ્ય છે. વીણાબેનનું સીન છે. (૨) 'હૈ દિલ હે મુશ્કીલ'માં પણ રણબીર કપૂર અને અનુષ્કા શર્માને પણ વીણાબહેને મેંહદી મૂકી છે. ક્રિકેટર રવીન્દ્ર જાડેજાને મેંહદી મૂકવા માટે છોકરીઓને લઈને રાજકોટ ગયા હતા.

બીઝનેસ મેન જિંદાલની સુપુત્ર પાર્થના લગ્નની મેંહદી મૂકવા તેઓ વિયેના યુરોપ (Vienna) છ છોકરીઓ સાથે ગયા. તેમણે C.N.B.C. બજારમાં પણ ઈન્ટવ્યુ આપ્યો હતો. હાલમાં જ તેઓ બિઝનેસમેન હિરાનંદાની ની પુત્રી કોમલની મેંહદી મૂકવા ગયા હતા.

બેંગકોક સેટલ થયેલ મૂળ કોલકતાના બિઝનેસ મેનની દિકરીઓને મહેંદી મૂકવા વીણાબેન છોકીરીઓ સાથે આઠ વખત બેંગકોક જઈ આવ્યા.

**પરબ સંસ્થાની પ્રવૃત્તિઓ**

સપ્ટેમ્બર મહિનામાં ૧૦૦ જરૂરીયાતમંદ બહેનોને અનાજ કીટ વિતરણ થયું તથા જરૂરતવાળી અન્ય બહેનોને પણ સહાય કરવામાં આવી.

કાંજૂર માર્ગ ખાતે રાહત દરે દવાખાનાની પ્રવૃતિ તથા જ્યુપીટર હોસ્પીટલ ખાતે કન્સેશનલ દરે ફુલ બોડી ચેકઅપની પ્રવૃત્તિ ચાલુ છે.

**આગામી પ્રવૃત્તિ :** દિવ્યાંગ તથા અશક્ત વૃદ્ધો, વડીલોની જરૂરીયાત મુજબ વહેલો તે પહેલો ધોરણે વ્હીલ ચેઅર, એડલ્ટ ડાઈપર, જરૂરીયાતમંદ વ્યક્તિઓને અનુદાન, આપવામાં આવશે. સંપર્ક : ટ્રસ્ટીઓ - **9820032882, 9892215560, 9821675772**

**'કચ્છ-અર્પણ' સળંગ અંક નં. ૧૬ (જુલાઈ, ૨૦૧૬)**

'કચ્છ-અર્પણ' (સળંગ અંક નં. ૧૬) જુલાઈ - ૨૦૧૬માં પ્રકાશિત થયેલ છે. આ અંક 'કચ્છી સાહિત્ય વિશેષાંક' તરીકે બહાર પડેલ છે. કચ્છની એક સાહિત્યિક સંસ્થા 'શ્રી કચ્છી સાહિત્ય સભા' દ્વારા માર્ચ ૨૦૧૬માં કચ્છનાં આઠ સાહિત્યકારો સર્વશ્રી તેજપાલ ધારશી, કવિ 'તેજ', વ્રજ ગજગંધ, જયન્તી જોશી 'શબાબ', ડૉ. વિશન નાગડા, ધનજી ભાનુશાલી 'કડક બંગાલી', રવિ પેથાણી 'તિમિર', ગૌતમ એસ. જોશી તથા લાલજી મેવાડા 'સ્વપ્ન' ને 'કચ્છી સાહિત્ય રત્ન' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ. આ આઠ સાહિત્ય રત્નોનો પરિચય બધા વાંચકોને કરાવવના હેતુથી આ વિશેષાંક પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

'કચ્છી બોલીને માતૃભાષા કહી શકાય ? માં ભાષાશાસ્ત્રી મહેન્દ્ર દોશી કચ્છી ભાષાની સંવૈધાનિક બાબતે ચર્ચા માંડે છે. 'કવિતા કલરવ'માં કચ્છી કવિઓની કચ્છી તથા ગુજરાતી કવિતાઓનો રસાસ્વાદ માણવા જેવો છે.

'કચ્છ-અર્પણ' : ડી/૧૧૬, વલ્લભ વિહાર કોમ્પલેક્ષ-બી, મહાવીર હોલ નજીક, આજવા રોડ, વડોદરા - ૩૯૦૦૧૯. મો. 09377124582 • ઈ-મેલ : kutcharpan@rediffmail.com વેબસાઈટ : www.kutcharpan.webs.com


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મહેશ ઠાકરશી લોડાયા** (PS 7275) **(પરજાઉ)** | ૧૦૩, જલારામ એપાર્ટમેન્ટ, ૨જે માળે, ધનલક્ષ્મી સોસાયટી, જૈન મંદિરની પાછળ, મણી નગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮. મો.: ૯૮૨૪૩ ૬૬૭૩૩ |
| **તારાચંદ નેણશી મોતા** (PS 1239) **(રાપર)** | ૨૨ રામ નિવાસ, ટિકી ટાર ઈન્ડસ્ટ્રીઝ સામે, વિલેજ રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો.: ૯૯૬૯૦ ૬૭૨૩૪ |
| **ચંદુલાલ મોતીલાલ લાપસીયા** (PS 451) **(રંગપુર)** | ૧૬૦૧, ગીત ગુંજન કો.હા.સો., પ્લોટ નં. ૧૧૯૮, ૭મી ક્રોસ લેન, જ્હોન્સન એન્ડ જ્હોન્સનની સામે, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **દિલીપ લખમશી ખોના** (PS 7274) **(ગોરખડી)** | એ-૨૦૨, નર્મદા દેવી કો.હા.સો., અંબાજી મંદિર પાસે, ડૉ. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૭૦૨૮૮ ૦૧૬૮૧ |
| **નવલબેન વીરચંદ ધરમશી (શાહ)** (PS 6359) **(સુથરી)** | સી/૦૭, રાધિકા પાર્ક, બેન્કર નગર, બીએસએનએલ ઓફીસ પાસે, ધાયરી, પુણે - ૪૧૧ ૦૪૧. મો.: ૯૭૬૫૪ ૫૪૭૭૯ / ૭૭૯૮૫ ૭૪૧૦૯ |
| **સોમચંદ જેઠાભાઈ સોની** (PS 3710) **(સુથરી)** | સી-૨૦૨, વિઘ્નેશ પાર્ક કો.હા.સો., અનમોલ નગરી, ઑક્સફોર્ડ સ્કૂલની સામે, ગરીબાચા વાડા, ડોંબીવલી (વેસ્ટ)– ૪૨૧ ૨૦૨. મો.: ૭૦૩૯૬ ૪૦૮૩૫ |
| **હીરાચંદ જીવરાજ નાગડા** (PS 2060) **(નલિયા)** | ૫૦૪, એ/૧૦, બ્રાન્કો ચાર્મ સિટી, મંદા, ટિટવાલા (વેસ્ટ) - ૪૨૧ ૬૦૫ મો.: ૯૮૩૩૨ ૪૦૪૯૩ |
| **મહેન્દ્ર શીવજી લોડાયા** (સાંયરા) | નવો મોબાઈલ નં. : ૭૬૨૩૦ ૧૪૨૧૪ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૦૭-૧૬ | - | કથીત, ખુશ્બુ કૃણાલ ગુલાબચંદ લોડાયા (ભુલ સુધાર) | સુથરી | પુત્ર |
| ૦૨-૦૮-૧૬ | એટલાંટીક સીટી | હીપેન, મિનલ નિરલ જનક દંડ | | પુત્ર |
| ૧૭-૦૮-૧૬ | મુલુંડ | જ્યોત, ચાર્મી દીપ તુષાર છેડા | સુથરી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૮-૧૬ | મુલુંડ | નિકુંજ ધીરજલાલ શીવજી કરમશી ખોના | રંગપુર | ૨૭ |
| | લાતુર | ભાવના નરેન્દ્ર લાલજી દંડ | લાખાણીયા | ૨૭ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૮-૧૬ | દાવણગીરી | સચીન હરીશ જેઠાલાલ નાગડા | નલીયા | - |
| | હરીહર | ભૂમિકા બસવરાજ નાગપ્પા બળેગાર | હરીહર | - |
| ૨૨-૦૮-૧૬ | વાલકેશ્વર | હિમાન્શુ તુષાર રસીકલાલ ગાંધી | ધ્રાંગધ્રા | ૨૯ |
| | ચેમ્બુર | જીની હિતેન્દ્ર નારાણજી ધરમશી | સુથરી | ૨૫ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૫-૧૬ | મોરબી | કેવલ અશોક મણીલાલ કોઠારી | મોટાદહીસરા | ૨૪ |
| | ભાંડુપ | ધારિણી જયેશ મોહનલાલ સોની | નલિયા | ૧૯ |
| ૧૩-૦૮-૧૬ | બેંગલોર | આનંદ સાઈ ક્રિષ્નન | બેંગલોર | ૨૯ |
| | બેંગલોર | કવિતા કિરીટ વીરજી હેમરાજ લોડાયા | કોઠારા | ૨૯ |
| ૨૫-૦૮-૧૬ | દાવણગીરી | સચીન હરીશ જેઠાલાલ નાગડા | નલીયા | - |
| | હરીહર | ભૂમિકા બસવરાજ નાગપ્પા બળેગાર | હરીહર | - |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૮-૧૬ | યૂએસએ | સુશીલાબેન હરીશ લોડાયા | કોઠારા | ૬૭ |
| ૨૫-૦૮-૧૬ | ગોંદિયા | મણીલાલ કેશવજી ધરમશી | જશાપર | ૮૦ |
| ૨૬-૦૮-૧૬ | ડોંબીવલી | મણીલાલ ચંદુલાલ પોલડીયા | બાયઠ | ૭૫ |
| ૨૭-૦૮-૧૬ | મુલુંડ | મુકેશ મેઘજી ખીમજી મોમાયા | ડૂમરા | ૫૪ |
| ૨૯-૦૮-૧૬ | વિલે પાર્લે | કિશોર નરશી નેણશી સોની | સુથરી | ૫૩ |
| ૩૧-૦૮-૧૬ | પાલીતાણા | ભાઈચંદ નાંગશી લોડાયા | નાની ખાવડી | ૬૭ |
| ૩૧-૦૮-૧૬ | અમદાવાદ | હેમચંદ કુંવરજી ધરમશી | સુથરી | ૮૫ |
| ૦૩-૦૯-૧૬ | મલાડ | પ્રેમચંદ માલસી મોમાયા | જખૌ | ૮૬ |



હાર્દિક અભિનંદન

ફ્રેન્ક દેવેન્દ્ર લોડાયા

(સાયંરા, વડોદરા)

B.B.A. - PGDM (DOB - 03-08-1990)

TCS માં Business Analyst તરીકે ૩ વર્ષ પુરા કરવા બદલ અભિનંદન.

:: સંપર્ક ::

| | |
|---|---|
| દેવેન્દ્ર માણેકજી લોડાયા | તરલા રમેશ મૌશેરી |
| મો.: 9824483579 | મો.: 8976230281 |
| (વડોદરા) | (મુલુંડ) |



DECORUS INDIA

www.decorusindia.com
@decorusindia
#decorusindia

WEDDINGS ◆ MICE ◆ EVENTS



**SERVICES**

VENUE SELECTION
THEME & DECOR
CATERING
TECHNICAL SUPPORT
INVITATION, GIFTING & RSVP
SECURITY SUPPORT
TRAVEL & ACCOMODATION
SPECIAL ENTRY
ENTERTAINMENT
PHOTOGRAPHY
BRIDAL SHOPPING & JEWELLERY

**EVENTS**

DESTINATION WEDDINGS
PRE WEDDING
ENGAGEMENT
HALDI
MEHENDI
COCKTAIL
GARBA
SANGEET
WEDDING
RECEPTION

FOR APPOINTMENT & QUERIES

MIRAL PATNI 9892264305 ■ ROSHAN LODAYA 9867305892



## હાર્દિક અભિનંદન : ધરમશી - મૈશેરી કુટુંબનું ગૌરવ



ચિ. ઐશ્વર્યા ભાવેશ ધરમશી (નાસિક)

સંભવતઃ Production Engineeringમાં BE કરનાર જ્ઞાતિની પ્રથમ કન્યા

ચિ. ઐશ્વર્યાને Production Engineering પરીક્ષા 74% સાથે ઉત્તીર્ણ થઈ BEની પદવી મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન !

તેં નવી કેડીએ મેળવી સફળતા, એ તારી અનેકમાંની એક વિશેષતા !

શુભેચ્છક

માતા-પિતા : અ.સૌ. પ્રીતિ ભાવેશ મણિલાલ ધરમશી (સુથરી - નાસિક)

દાદાણા : માતુશ્રી માલતી મણિલાલ શામજી ધરમશી (સુથરી - નાસિક)

નાનાણા : માતુશ્રી સપના જીવન મણિલાલ માણેકજી મૈશેરી (જખૌ - આકોટ)

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (5-9-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Monday / Tuesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## વિવિધ સ્થળોના ક.દ.ઓ. સંઘના પોથીના વરઘોડા (રથયાત્રા)ની ઝલક

જી.વી.સી. સંઘ | તેરા સંઘ | દલતુંગી સંઘ | મોટી સિંધોડી સંઘ






if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,